ઘર ઘરની શાન સૌની માંગ
બિરયાની પુલાવ માટે સર્વશ્રેષ્ઠ
999
બ્રાન્ડ ચોખા હંમેશા વાપરો
શ્રી વિષ્ણુ ટ્રેડીંગ કાું.
Mobile : 9825581799, 9537627626
M/23, માધુપુરા માર્કેટ
શાહીબાગ રોડ, અમદાવાદ-૪.

Published & Posted at AHD P.S.O. Set No.-1 on every Thursday,
Reg. No. GAMC-382/2024-2026 Valid up to 31 December-2026
Licence to post without prepayment No. PMG/NG/128/2024-2026 - Valid up to 31.12.2026



પુલાવ તેમજ બિરયાની માટે ઉત્તમ અને સ્વાદિષ્ટ
ચોખા
999
બ્રાન્ડ હંમેશા યાદ રાખો

સાપ્તાહિક શાહીન

Shaheen Gujarati WEEKLY


Vol No.: 53 • Issue No.: 19 • Date: 16-04-2026 • Thursday • Page-8 • Rs. 6.00 • Annual subs. 300=00

Place of Publication :- B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society, Juhapura, Ahmedabad-380 055

# ભારતના નિર્માણ અને વિકાસમાં મુસ્લિમોનું અસાધારણ ઐતિહાસિક યોગદાનઃ દિલ્હીમાં બે દિવસીય 'નેશનલ હિસ્ટ્રી કોન્ફરન્સ' સંપન્ન

નવી દિલ્હીઃ ભારતના ઈતિહાસ, સમાજ અને સંસ્કૃતિના ઉત્ક્રાંતિમાં મુસ્લિમોની ભૂમિકાને વૈજ્ઞાનિક અને સંશોધનાત્મક દૃષ્ટિકોણથી ઉજાગર કરવાના હેતુથી જમાઅતે ઈસ્લામી હિંદ (JIH)ની પ્રેરક પહેલ દ્વારા 'ઈન્ડિયા હિસ્ટ્રી ફોરમ' ના નેજા હેઠળ નવી દિલ્હીના ઈન્ડિયા ઈસ્લામિક કલ્ચરલ સેન્ટર ખાતે ૧૧-૧૨ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન બે દિવસીય ભવ્ય 'નેશનલ હિસ્ટ્રી કોન્ફરન્સ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રથમ દિવસે લોકસભા સાંસદ શશિ થરુર, જમાઅતે ઈસ્લામી હિંદના અમીર સૈયદ સઆદતુલ્લાહ હુસૈની, કોંગ્રેસ નેતા ગુરદીપ સિંહ સપ્પલ, પૂર્વ રાજયસભા સાંસદ મોહમ્મદ અદીબ, રાજ્યસભા સાંસદ મનોજ કુમાર ઝા, લેખક અશોક કુમાર પાંડે, ઈન્ડિયા હિસ્ટ્રી ફોરમના કન્વીનર ડૉ. શાદાબ મૂસા સહિતના અનેક મહાનુભાવોએ સંબોધન કર્યું




હતું. આ પ્રસંગે શશિ થરુર જણાવ્યું હતું કે, "આપણા ઈતિહાસમાં ઘણું બધું સમાયેલું છે. ઘણી ખોટી અને કાલ્પનિક વાર્તાઓને ઈતિહાસનો હિસ્સો બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આવા સંજોગોમાં ઈતિહાસના સાચા પરિપ્રેક્ષ્યને સમજવો, સત્ય સુધી પહોંચવું અને તેને સમાજ સુધી પહોંચાડવું અત્યંત આવશ્યક છે." જમાઅતે ઈસ્લામી હિંદના અમીર સૈયદ સઆદતુલ્લાહ હુસૈનીએ કહ્યું કે, "ઈતિહાસ કોઈ પણ રાષ્ટ્ર અને દેશ માટે ખૂબ મહત્વ ધરાવે છે. ઈતિહાસ માત્ર માહિતી નથી, પરંતુ તેના પાયા પર ભવિષ્યનું નિર્માણ થાય છે. આપણો દેશ ભારત, ઈતિહાસના એ મહત્વના ભાગને ભૂલી ન જાય જે ઈસ્લામ અને મુસ્લિમોની મહાન ઐતિહાસિક સેવાઓ સાથે જોડાયેલો છે, તે માટે આવી કોન્ફરન્સ મહત્વની છે. આજે ઈતિહાસને હથિયાર તરીકે વાપરવામાં આવી રહ્યો છે, ત્યારે મુસ્લિમો અને ન્યાયપ્રિય લોકોએ આગળ આવીને સાચો ઈતિહાસ દુનિયા સમક્ષ રજૂ કરવો જોઈએ." સાંસદ મનોજ કુમાર ઝાએ જણાવ્યું કે, "આજે ઈતિહાસ બદલવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જે દેશની લોકશાહી માટે ખતરનાક છે. આપણો ઈતિહાસ આપણી સંપત્તિ છે અને તેની રક્ષા કરવી એ આપણા સૌની જવાબદારી છે." ગુરદીપ સિંહ સપ્પલે ઉમેર્યું કે, ઈતિહાસ બદલવાની કોશિશ દેશમાં ખેદજનક સ્તરે પહોંચી ગઈ છે. મોહમ્મદ અદીબે ચેતવણી આપતા કહ્યું કે, "જ્યારે કોઈ સંસ્કૃતિને ખતમ કરવી હોય ત્યારે તેનો ઈતિહાસ બદલી નાખવામાં આવે છે, જે આપણી ઓળખ માટે મોટું જોખમ છે." કોન્ફરન્સમાં વિવિધ ઈતિહાસકારો અને નિષ્ણાતો દ્વારા અર્થતંત્ર, વેપાર, સમાજશાસ્ત્ર અને રાજકારણ જેવા ક્ષેત્રોમાં મુસ્લિમોના યોગદાન પર સંશોધન પત્રો રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત મુસ્લિમ મહિલાઓની ઐતિહાસિક ભૂમિકા પર એક વિશેષ સત્ર પણ યોજાયું હતું.

કોન્ફરન્સમાં અનેક અગ્રણી હસ્તીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. બીજા દિવસે પોતાના સંબોધનમાં રામ પુનિયાનીએ જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણથી ચાર દાયકા દરમિયાન ભારતમાં ઈતિહાસને ખોટી રીતે રજૂ કરવાનું વલણ વધ્યું છે,

(અનુસંધાન બીજા પાને)

મસા ભગંદર હરસ
ગુદા માર્ગના અન્ય રોગોનું ગુજરાતમાં પ્રથમવાર વીડીયો રેકટોસ્કોપ દ્વારા નિદર્શન અને સચોટ નિદાન
રેડિયો ફ્રિકવન્સી, લેસર, એનસીલર દ્વારા સારવાર
કટીંગ સેટોન દ્વારા ભગંદરનો સચોટ અને સંપૂર્ણ ઈલાજ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો. એમ. સાદિક કાઝી (MBBS, M.S.) (કન્સલ્ટીંગ સર્જન)
ફોનઃ ૮૨૬૪૦૦૪૧૪૨, ૬૫૪૫૯૫૧૩
NO PILES JUST SMILES
પેશન્ટ હાઉસ
નરોત્તમ ઝવેરી હોલ સામે, પાલડી, અહમદઆબાદ

સુહૈલ ઘોઘારી
arabic gold
the rhythm of art
ના કોઈ વાયદો, ના કોઈ કાયદો, સીધો ગ્રાહકને ફાયદો...
- માસીક હપ્તા ભરી વસાવો સોનાના ઘરેણાં સાથે મેળવો આકર્ષક ઓફરનો લાભ
- કોઈપણ જૂના સોનાના દાગીના એક્ષચેંજ પર મેળવો 100% કીંમત
- 100% બાયબેક ગેરંટી
- અરેબીક, તુર્કીશ અને લેટેસ્ટ ડીઝાઈન માટે આજે જ વિઝીટ કરો...
અરેબીક ગોલ્ડ
શોપ નં.૮, ગ્રાઉન્ડ ફ્લોર, બ્લ્યુ વોટર બિલ્ડીંગ,
અંબર ટાવર પાસે, સરખેજ, અમદાવાદ-380 055.
(M): 99786 62366, 99786 68466

Lubi PUMPS-MOTORS Kirloskar TEXMO PUMP VARUNA KSB
મો : 9327374093
8735852167
બ્રાન્ડેડ કંપનીના પમ્પ લગાવો અને હેરાનગતિથી છૂટકારો મેળવો
વીજ વપરાશમાં 30થી 40% સુધીની બચત
ડોમેસ્ટિક અને ખેતી વિષયક પમ્પ મળશે
કેબલ, કન્ટ્રોલ પેનલ હાજર સ્ટોકમાં મળશે
હાઈ રાઈઝ બિલ્ડિંગોમાં પાણી ચઢાવવા માટેના પમ્પ હાજર સ્ટોકમાં
બોરવેલ, સબમર્સિબલ, સેલ્ફ પ્રાઈમિંગ મોનો બ્લોક, પાણી ખેંચવાના મોનો બ્લોક, હાઈ એફીસિયેન્સિ, હાઈ પ્રેશર ધરાવતો મોનો બ્લોક્સનો ઉપયોગ કરો
ઘર વપરાશ માટેના બુસ્ટર પમ્પ લગાવો અને લો અને હાઈ પ્રેશરની ઝંઝટથી મુક્તિ મેળવો. બાથરૂમ માટે 1-2-3-4-5-6 સાથે બુસ્ટર પ્રેશર પમ્પનો ઉપયોગ કરો.
સ્પ્રિન્ગફીલ્ડ પમ્પ્સ
સાવન પાર્ટી પ્લોટની લાઈનમાં, બ્લ્યુ વોટર ટાવરની સામે, સરખેજ રોડ, અહમદાબાદ

મો. ૯૪૨૮૦૪૬૮૮૭
એમ. એ. એપ્રલ્સ
મો. ૯૩૭૪૪૩૦૮૯૯
સ્કૂલ યુનીફોર્મમાં બ્લેજર, કોટી, મોદી કોટી, શર્ટ, ફોર્મલ શર્ટ, લાસ્ટીક પેન્ટ, ફોર્મલ પેન્ટ,
પીના ફ્રોક, ટ્યુનીક લેંગીજ, ટ્રેક શુટ, ટાઈ, બેલ્ટ, કોર્પોરેટ યુનીફોર્મ, જોબ વર્ક એન્ડ મેન્યુફેકચરીંગ.
૨, ગૌતમ શાહ એસ્ટેટ, મનિયાર કંપની પાછળ, સુંદરમનગર, રખિયાલ, અહમદાબાદ - ૨૩

Shelter's Lemonade
Barley Water
Refreshing Diuretic
કિડની ની પથરીનો કુદરતી ઉપચાર
Shelter
www.shelter.co.in
9898633551
Shelter Pharma Ltd.




## વૈશ્વિક અરાજકતા અને આપણી જવાબદારી

વર્તમાન સમયમાં દુનિયા એક અજીબ ગભરાટ, બેચેની અને અનિશ્ચિતતાની સ્થિતિમાંથી પસાર થઈ રહી છે. ક્યાંક યુદ્ધની જ્વાળાઓ ભભૂકી રહી છે, ક્યાંક શક્તિના નશામાં નબળાઓને કચડવામાં આવી રહ્યા છે, ક્યાંક માનવ જીવનની કોઈ કિંમત બાકી રહી નથી, અને ક્યાંક અત્યાચાર તથા અન્યાયે શાંતિ અને સુકૂનને ગળી લીધું છે. મનુષ્ય પ્રગતિના દાવા તો બહુ કરી રહ્યો છે, પરંતુ તેની માનવતા ક્યાંક પાછળ રહી ગઈ છે. આ પરિસ્થિતિ માત્ર રાજકીય કે ભૌગોલિક સમસ્યા નથી, પરંતુ એક ઊંડુ નૈતિક અને આધ્યાત્મિક સંકટ છે, જેને કુર્આન મજીદ 'ફસાદ ફિલ અર્ઝ' એટલે કે પૃથ્વી પરની અરાજકતાના નામથી ઓળખાવે છે. જ્યારે આપણે આ સંજોગોને જોઈએ છીએ ત્યારે પ્રશ્ન થાય છે કે આખરે આ બધું કેમ થઈ રહ્યું છે ? કેમ દુનિયા શાંતિને બદલે અંધાધૂંધીનો શિકાર છે ? કુર્આન મજીદ આપણને આનો સ્પષ્ટ જવાબ આપે છે કે જ્યારે માણસ ઈલાહી માર્ગદર્શનથી દૂર થઈ જાય છે, ન્યાયને છોડી દે છે અને પોતાની ઈચ્છાઓ તથા સ્વાર્થને સત્ય પર પ્રાધાન્ય આપે છે ત્યારે પૃથ્વી પર બગાડ ફેલાય છે. અલ્લાહ તા'લાએ સૂરહ રૂમમાં સ્પષ્ટ ફરમાવ્યું છે કે, લોકોના પોતાના હાથના કરતૂતોને કારણે જ જમીન અને સમુદ્રમાં આ બગાડ જાહેર થયો છે.

પૃથ્વી પરનો આ બગાડ કોઈ આકસ્મિક ઘટના નથી, પરંતુ તે મનુષ્યના પોતાના કર્મોનું પરિણામ છે. જ્યારે માણસ અત્યાચાર કરે છે અને અલ્લાહના આદેશોને નજરઅંદાજ કરે છે ત્યારે તેની અસર સમગ્ર સમાજ અને આખી દુનિયા પર પડે છે. 'ફસાદ ફિલ અર્ઝ' એ એક એવી વ્યાપક વિભાવના છે જે માત્ર યુદ્ધ સુધી મર્યાદિત નથી, પરંતુ માનવ જીવનના તે દરેક પાસાને સમાવે છે જ્યાં અલ્લાહ દ્વારા નિર્ધારિત સંતુલનને બગાડવામાં આવે. કુર્આન મજીદ આપણને સમજાવે છે કે અલ્લાહ તઆલાએ આ બ્રહ્માંડને એક સંપૂર્ણ સંતુલન અને ન્યાય સાથે પેદા કર્યું છે અને માણસને આ પૃથ્વી પર પ્રતિનિધિ (ખલીફા) બનાવીને મોકલ્યો છે જેથી તે આ વ્યવસ્થાને જાળવી રાખે. કુર્આને બગાડની એક બીજી મોટી નિશાની એ જણાવી છે કે, બગાડ ફેલાવનારાઓ પોતે જ પોતાને સુધારક માને છે. સૂરઃ અલ-બકરહમાં આ બાબતે સાવધાન કરવામાં આવ્યા છે કે, જે લોકો અત્યાચાર અને અન્યાયને પ્રગતિ કે હિતના નામે રજૂ કરે છે, તેઓ જ હકીકતમાં બગાડના અસલ ગુનેગાર છે.

આજના વૈશ્વિક બગાડ પાછળ ઘણા ઊંડા કારણો રહેલા છે. સૌથી મોટું કારણ અલ્લાહના માર્ગદર્શનથી દૂરી છે, જેના કારણે સત્ય અને અસત્યની ઓળખ મટી ગઈ છે. જ્યારે શક્તિનો ઉપયોગ ન્યાય સ્થાપિત કરવાને બદલે અત્યાચાર માટે થવા લાગે અને માણસના હૃદયમાં ધન તથા સત્તાનો લોભ હદથી વધી જાય, ત્યારે સામાજિક અને વૈશ્વિક અંધાધૂંધી સર્જાય છે. ઈસ્લામના પાયાનો સંદેશ જ ન્યાય, શાંતિ અને માનવતાના આદર પર ટકેલો છે. જ્યાં કુર્આને બગાડની નિંદા કરી છે, ત્યાં ન્યાય અને 'એહસાન' (ઉપકાર)ની સ્થાપનાને એક મહાન કર્તવ્ય ગણાવ્યું છે. ઈસ્લામે એક નિર્દોષની હત્યાને આખી માનવતાની હત્યા સમાન ગણાવીને માનવ જીવનની પવિત્રતા સ્થાપિત કરી છે. યુદ્ધ જેવી કટોકટીની સ્થિતિમાં પણ ઈસ્લામે સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધોની સુરક્ષાના જે નૈતિક સિદ્ધાંતો આપ્યા છે, તે દર્શાવે છે કે, ઈસ્લામ કોઈ પણ ભોગે ધરતી પર બગાડ કે અતિરેકને પસંદ કરતો નથી.

આવી ગંભીર વૈશ્વિક પરિસ્થિતિમાં મુસ્લિમ ઉમ્મત પર મોટી જવાબદારી ઊભી થાય છે. અલ્લાહ તઆલાએ આ ઉમ્મતને લોકોની ભલાઈ માટે અને બૂરાઈને રોકવા માટે પસંદ કરી છે. તેથી આપણી પહેલી જવાબદારી આત્મ-સુધારણાની છે. સમાજના સુધારાની શરૂઆત વ્યક્તિના સુધારથી થાય છે; જો આપણે આપણા ઈમાન, નમાઝ અને ચરિત્રને સુધારીશું તો જ આપણે સમાજમાં પરિવર્તન લાવી શકીશું. તેની સાથે સાથે આપણે ન્યાયનો પક્ષ લેતા શીખવું પડશે અને અત્યાચાર વિરુદ્ધ હિંમત તથા ડહાપણ સાથે અવાજ ઉઠાવવો પડશે. આજે ઉમ્મતની એકતા અને પરસ્પર ભાઈચારો અત્યંત અનિવાર્ય છે. વિભાજન અને મનભેદ આપણને નબળા પાડે છે. અંતે, આપણે એ ન ભૂલવું જોઈએ કે, અસલ શક્તિ અલ્લાહના હાથમાં છે. જ્યારે બંદો પોતાના પાપો પર પશ્ચાતાપ કરી અલ્લાહ તરફ વળે છે, ત્યારે જ પરિસ્થિતિ બદલાય છે. આજના આ નાજુક સંજોગોમાં જો આપણે લાગણીઓને બદલે સમજણ સાથે વર્તીશું અને ઈસ્લામી મૂલ્યોને જીવનમાં ઉતારીશું, તો ઈન્શાઅલ્લાહ દુનિયામાં ફરી શાંતિ અને ન્યાયનો સૂરજ ઉગશે.

## ભારત નિર્માણ અને...

(પહેલા પાનાનું ચાલુ)

જેના દ્વારા અમુક પસંદગીની ઐતિહાસિક ઘટનાઓનો ઉપયોગ નફરત ફેલાવવા માટે કરવામાં આવે છે. તેમણે કહ્યું કે વાસ્તવિકતા એ છે કે ભૂતકાળના યુદ્ધો મોટાભાગે સત્તા, સંસાધનો અને રાજકીય હિતો માટે લડવામાં આવ્યા હતા, ધર્મના આધારે નહીં. તેમણે ભાર મૂક્યો કે ઈતિહાસને સમજવા માટે તેનો ઊંડો અને નિષ્પક્ષ અભ્યાસ અનિવાર્ય છે. અબ્દુલ સલામ પુતગેએ જણાવ્યું હતું કે, ભારતીય મુસ્લિમો આ જ ધરતીના સંતાન છે અને તેમને વિદેશી ગણાવવા એ ઐતિહાસિક તથ્યોથી વિપરીત છે. તેમણે DNA સંશોધનનો ઉલ્લેખ કરતા કહ્યું કે ભારતના વિવિધ વર્ગોના લોકોએ અલગ-અલગ સમયગાળામાં ઈસ્લામનો સ્વીકાર કર્યો હતો, જેનું મુખ્ય કારણ ઈસ્લામનો એકેશ્વરવાદ, આધ્યાત્મિકતા અને સમાનતાનો સંદેશ હતો. પૂર્વ વિદેશ મંત્રી સલમાન ખુર્શીદે જણાવ્યું કે, માત્ર ભૂતકાળમાં જ નહીં પરંતુ આધુનિક ભારતના નિર્માણમાં પણ ભારતીય મુસ્લિમોનું અસાધારણ પ્રદાન રહ્યું છે. નફરત અને ગેરસમજ દૂર કરવા માટે આ સત્યને વારંવાર વિવિધ સંદર્ભો સાથે દેશવાસીઓ સમક્ષ લાવવાની જરૂર છે. પ્રોફેસર એસ.એમ. અઝીઝુદ્દીન હુસૈનીએ ભારતીય ઈતિહાસમાં મુસ્લિમોની શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સેવાઓ પર વિગતવાર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે મુસ્લિમોએ માત્ર ધાર્મિક જ્ઞાન જ નહીં પરંતુ વિજ્ઞાન, તત્વજ્ઞાન અને સાહિત્યના ક્ષેત્રમાં પણ નોંધપાત્ર સિદ્ધિઓ મેળવી છે. ડૉ. ઈશ્તિયાક હુસૈને મધ્યકાલીન ભારતીય સમાજને સમજવાના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું કે એ યુગમાં વિવિધ ભાષાઓ અને જ્ઞાન-વિજ્ઞાનનું આદાનપ્રદાન થયું, જેના કારણે સંસ્કૃતના અનેક મહત્વના ગ્રંથોનો સ્થાનિક ભાષાઓમાં અનુવાદ થયો. તેમણે વધુમાં ઉમેર્યું કે મુઘલ કાળમાં ફારસી રાજભાષા હોવા છતાં સંસ્કૃત અને અન્ય પ્રાદેશિક ભાષાઓને અવગણવામાં નહોતી આવી, પરંતુ તેમને પ્રોત્સાહન મળ્યું હતું. પ્રોફેસર અનીતા રામપાલે પાઠ્યપુસ્તકોના મહત્વ વિશે વાત કરતા કહ્યું કે, શૈક્ષણિક સામગ્રી નવી પેઢીના વૈચારિક ઘડતરમાં પાયાની ભૂમિકા ભજવે છે. આપણે ગંભીરતાથી વિચારવું પડશે કે આપણે આવનારી પેઢીને કેવો ઈતિહાસ આપી રહ્યા છીએ, કારણ કે એ જ તેમના વિચારો અને સામાજિક સમજને આકાર આપે છે. પ્રોફેસર સલીમ એન્જિનિયરે કહ્યું કે, દેશમાં અનેક સામાજિક બદીઓને દૂર કરવામાં અને સુધારાવાદી આંદોલનોના નિર્માણમાં ઈસ્લામિક શિક્ષાનો મહત્વનો ફાળો રહ્યો છે.

આ બે દિવસીય કોન્ફરન્સમાં વિવિધ યુનિવર્સિટીઓના સંશોધકોએ ભારતમાં ઈસ્લામ અને મુસ્લિમોની ઐતિહાસિક ભૂમિકા પર ૨૦થી વધુ સંશોધન પત્રો (Research Papers) રજૂ કર્યા હતા. સાથે જ પસંદગીના પુસ્તકો પર લેખકો સાથે ચર્ચાના વિશેષ સત્રો પણ યોજાયા હતા.

કોન્ફરન્સના અંતે તમામ સહભાગીઓએ એ વાત સ્વીકારી કે વર્તમાન સમયમાં ઈતિહાસને પૂર્વગ્રહ વગર, વૈજ્ઞાનિક અને સંશોધનાત્મક દૃષ્ટિકોણથી સમજવો જરૂરી છે. તેમણે આશા વ્યક્ત કરી કે આવા કાર્યક્રમોથી સમાજમાં પરસ્પર સંવાદ, સામાજિક સમરસતા અને સહિષ્ણુતા વધશે.






## યુનિફોર્મ સિવિલ કોડ...

(છેલ્લા પાનાનું ચાલુ)

ઉલ્લેખનીય છે કે મુસ્લિમોના રીત-રિવાજો અને પરંપરાઓ અન્ય કરતા ભિન્ન છે, કારણ કે તેઓ પવિત્ર કુર્આન અને પેગંબર સાહેબની જીવનશૈલી તેમજ તેમણે ઘડેલા નિયમોના આધારે સામાજિક અને વ્યક્તિગત નિર્ણયો લેતા હોય છે.

આ કાર્યક્રમમાં સમાજના આશરે ૬૦ જેટલા વિદ્વાન અને પ્રબુદ્ધ લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન એડવોકેટ તાહિર હકીમ દ્વારા યુનિફોર્મ સિવિલ કોડ શું છે, તેની કઈ કલમો છે અને તે મુસ્લિમ સમાજને કઈ રીતે અસર કરી શકે છે તેનું ખૂબ જ ઝીણવટભર્યું અને સચોટ આંકલન રજૂ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજનને સફળ બનાવવામાં સફુભાઈ મેમણ, ઈલિયાસભાઈ મેમણ, ડોક્ટર યાકુબ મેમણ સાહેબ અને કલીમ અન્સારી સાહેબે ભારે જહેમત ઉઠાવી હતી.

### વાચકો જોગ સૂચના

જે વાચક મિત્રોનું "શાહીન" સાપ્તાહિકનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેમને નમ્ર વિનંતી છે કે તેઓ નીચેના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી તેમજ ઓનલાઈન લવાજમ મોકલી આપે.

Google Pay
Shaheen Weekly
+91 6356162768

બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ,
સારણી સોસાયટી, જુહાપુરા,
અહમદાબાદ-૫૫.

અલ-કફીલ પુઠાવાળા
મો:૯૮૭૯૧૬૦૬૩૦
ફોન: (S) ૨૨૧૨૨૬૧૫
રોયલ ટ્રેડર્સ
દરેક પ્રકારના રમકડા, પતંગ અને ફિરકીના જથ્થાબંધ વહેપારી
૧૯૦૮, હજીરાની પોળ પાસે, કાલુપુર ટાવર રોડ, અહમદઆબાદ-૩૮૦૦૦૧.
www.rtraders.freeservers.com

શકીલ એમ.કાદરી
મો. ૯૮૨૫૧૪૭૮૬૦
મો.૯૯૭૮૬૯૨૦૧૧
મો. ૯૭૨૭૯૬૯૬૬૬
કાદરી પાર્ટી પ્લોટ
Kadri Party Plot
નાના મોટા શુભપ્રસંગે અને લગ્નના અવસરે તેમજ સામાજિક પ્રસંગો યોજવા માટે મુલાકાત લો.
એડ્રેસ : ટી.પી.-૮૫, ૧૦૦ ફીટ રોડ, અંબર ટાવર, સામે, સરખેજ રોડ, અહેમદાબાદ-૩૮૦ ૦૫૫. E-mail :sakil.kadri7766@gmail.com




અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

## ઇસ્લામના વર્ચસ્વની ખુશ-ખબર

**"આ લોકો (અર્થાત્ મક્કાના કાફિરો) કેટલીક ચાલો ચાલી રહ્યા છે, અને હું પણ એક ચાલ ચાલી રહ્યો છું. તો છોડી દો, હે પયગંબર ! આ ઈન્કાર કરનારાઓને થોડાક સમય માટે એમના હાલ પર છોડી દો." (સૂરઃ અત્-તારિક, આયતો ૧૫ થી ૧૭)**

આવી જ રીતે સૂરઃ અન્ફાલમાં ઈર્શાદ થયું છે : "તેઓ (સત્યનો ઈન્કાર કરનારાઓ) પોતાની ચાલો ચાલી રહ્યા હતા, અને અલ્લાહ પોતાની ચાલ ચાલી રહ્યા હતા, અને અલ્લાહ સર્વશ્રેષ્ઠ ચાલ ચાલનાર છે. (આયત-૩૦)

અલ્લાહતઆલાએ પોતાના મો'મિન (ઈમાનવાળા) બંદાઓથી ફક્ત વિજય તથા મદદનો વાયદો જ નથી કર્યો, બલ્કે વર્ચસ્વ તથા મદદની પૂર્ણતા માટે તેણે કાફરોની ચાલો, ઈસ્લામ તથા મુસલમાનોથી સંબંધિત તેમના ષડ્યંત્રો અને ઈસ્લામના પ્રકાશને બુઝાવી દેવાના તેમના પ્રયત્નોને નિષ્ફળ બનાવી દેવાનો વાયદો પણ ફરમાવ્યો છે. ઈતિહાસ આ બાબત પર સાક્ષી છે કે અલ્લાહતઆલા પોતાની કુદરત (શક્તિ, સામર્થ્ય)થી કાફરોની ચાલોને ખુદ તેમના પર જ પલ્ટી નાખે છે. અને તેમના વિષાકત તીરોને ખુદ તેમની જ છાતીઓમાં ઘૂસાડી દે છે. આ અલ્લાહતઆલાનો વાયદો છે, અને તે પોતાના વાયદાની વિરુદ્ધ કોઈ કામ નથી કરતો.

આવી જ અલ્લાહના વાયદાની અભિવ્યક્તિ સૂરઃ યૂનુસમાં મૂસા અ.સ.ના મુખેથી આ રીતે થાય છે. મૂસા (અ.સ.) એ કહ્યું : આ જે કંઈ તમે ફેંક્યું છે તે જાદુ છે. અલ્લાહ હમણા જ તેને વ્યર્થ કરી દે છે. બગાડ ફેલાવનારાઓના કામ અલ્લાહ સુધરવા નથી દેતો, અને અલ્લાહ પોતાના ફરમાનો વડે સત્યને સત્ય કરી દેખાડે છે, ચાહે ગુનેગારોને તે ગમે તેટલું અપ્રિય હોય." (આયત-૮૧, ૮૨)

અલ્લાહતઆલાએ સૂરઃ અન્ફાલમાં એ લોકોનો અંજામ વર્ણવતાં ફરમાવ્યું છે જેઓ પોતાના માલ અને પોતાની સમગ્ર જદ્દોજહદ લોકોને ઈસ્લામથી વાજ રાખવા માટે ખર્ચ કરે છે :

"જે લોકોએ સત્યને માનવાનો ઈન્કાર કર્યો છે તેઓ પોતાના ધન અલ્લાહના માર્ગથી રોકવા માટે ખર્ચી રહ્યા છે અને હજુ વધુ ખર્ચ કરતા રહેશે, પરંતુ છેવટે આ જ પ્રયત્નો તેમના માટે પસ્તાવાનું કારણ બનશે. પછી તેઓ પરાજિત થશે." (આયત-૩૬)

એક અન્ય જગ્યાએ અલ્લાહનો ઈર્શાદ છે : "અને હે નબી ! જે લોકોએ તમારા આમંત્રણને સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે, તેમને કહી દો કે નજીક છે તે સમય, જ્યારે તમે પરાજિત થશો અને જહન્નમ તરફ ધકેલવામાં આવશો, અને જહન્નમ અત્યંત ખરાબ ઠેકાણું છે. તમારા માટે તે બે જૂથોમાં એક બોધપ્રદ નિશાની હતી, જેઓએ (બદ્રમાં) એકબીજાથી યુદ્ધ કર્યું. એક જૂથ અલ્લાહના માર્ગમાં લડી રહ્યું હતું અને બીજું જૂથ કાફિર હતું. જોવાવાળા પોતાના માથાની આંખોથી જોઈ રહ્યા હતા કે કાફિર જૂથ ઈમાનવાળાઓના જૂથથી બમણું છે. પરંતુ (પરિણામે સાબિત કરી દીધું કે) અલ્લાહ પોતાના વિજય અને સહાયતા વડે જેને ચાહે છે મદદ કરે છે." (સૂરઃ આલે ઈમરાન, આયતો-૧૨, ૧૩)

ઉપર ઉલ્લેખિત આયતમાં જે બે જૂથોનો ઉલ્લેખ થયો છે તેમાં એક જૂથ ઈમાનવાળાઓનો અને બીજો કાફિરોનો હતો અને એ બંનેની અથડામણ બદ્રના મુકામે થઈ હતી. કુફ્રના મુકાબલે ઈસ્લામના આ પ્રથમ યુદ્ધમાં અલ્લાહતઆલાએ પોતાના ઈમાનવાળા બંદાઓને ઓછી સંખ્યા, શસ્ત્રો તથા યુદ્ધની તૈયારીઓની કમી હોવા છતાં કાફિરો પર વર્ચસ્વ કે પ્રભુત્વ એનાયત ફરમાવ્યો હતો. આ વિજય તથા મદદના મૂળ તત્ત્વ એ મજબૂત ઈમાન અને સત્ય-માર્ગમાં તેમની અડગતા હતી જેનાથી અલ્લાહે તેમને ભરપૂર નવાઝયા હતા, અને વધુમાં આ કે અલ્લાહતઆલાએ ઈમાનવાળાઓની હિમાયત માટે પોતાની ફોજ પણ ઉતારી અને દુશ્મનોના દિલોમાં તેમનો રોબ-દબદબો નાખી દીધો, અને કુદરતના હાથે મુસલમાન સાથે એ મામલો કર્યો જે બાહ્ય કારણો અને સાધનથી પર હતો. જેવો કે અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

(અનુસંધાન સાતમા પાને)




## ઇન્ફાક (અલ્લાહના માર્ગમાં ખર્ચ)

**સમજૂતી :**

આ હદીસથી 'ઈન્ફાક'ની શ્રેષ્ઠતા તથા મહત્ત્વનો સારી રીતે અંદાજો થાય છે. એક હદીસે કુદસીમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ ફરમાવ્યું કે અલ્લાહનો ઈર્શાદ છે : હે આદમના પુત્ર ! ખર્ચ કર, તારા પર ખર્ચ કરવામાં આવશે." (બુખારી, મુસ્લિમ)

'ઈન્ફાક'ને દીનમાં બુન્યાદી મહત્ત્વ પ્રાપ્ત છે. તેના કારણો પર જ્યારે આપણે વિચાર કરીએ છીએ તો કેટલીય હકીકતો આપણી સામે આવે છે. દાન તથા બક્ષિશનો સંબંધ સીધે સીધો અલ્લાહના ગુણ સાથે છે. જો આપણો રબમાં ગુણ ન હોત તો દુનિયામાં આ જે કંઈ તમને દેખાય છે કંઈ પણ દેખાત નહીં. આ તેની કૃપા છે જે આપણને પોતાના અસ્તિત્વ અને તેની વિશાળ સૃષ્ટિના સ્વરૂપમાં દેખાઈ રહી છે.

'ઈન્ફાક' એક વૈશ્વિક કાયદો (Universal and Cosmic Law)ની હેસિયત ધરાવે છે. જો એક ક્ષણ માટે પણ આ કાયદાનું અમલીકરણ રોકી દેવામાં આવે છે તો એ અસ્તિત્વ ધરાવતી દુનિયા ફનાને ઘાટ ઊતરી જાય. આ સૃષ્ટિની વ્યવસ્થા જ કંઈક એવી રીતે થઈ છે કે એક વસ્તુને બીજીથી બળ મળે છે. સૂર્ય પોતાની શક્તિ ને ગરમીને સતત ખર્ચ કરે છે જેના પરિણામે આ ધરતી પર જીવનની શક્યતા પેદા થઈ શકી છે. આપણી કેટલીય જરૂરિયાતો આનાથી જોડાયેલી છે કે સૂર્ય પોતાના 'ઈન્ફાક'ના સિલસિલાને એક ક્ષણ માટે પણ બંધ ન કરે. ઋતુઓના ફેરફાર, પાકનું પાકીને તૈયાર થવું વિ. કોણ નથી જાણતું કે આ તમામનો આધાર આના પર છે કે સૂર્ય પોતાની ગરમી અને તાપમાન-ઉષ્ણતા સમેટી (સંઘરી)ને ન રાખે, જેનાથી દુનિયાને આનાથી લાભાન્વિત થવાનો મોકો મળતો રહે.

સમુદ્ર પોતાનું પાણી આપવામાં કોઈ કંજૂસાઈથી કામ નથી લેતું. સમુદ્રનું પાણી બાષ્પીભવન-વરાળ અને વાદળના રૂપમાં રૂપાંતરિત થાય છે, જેને હવાઓ-પવનો ઉડાવીને લાવે છે. પછી તેમને વિવિધ પ્રદેશો-વિસ્તારોમાં પહોંચાડીને ધરતીને તૃપ્ત થવાની વ્યવસ્થા કરે છે. જેના પરિણામે ધરતી લીલી-છમ ને હરિયાળી થાય છે.

કેટલા ઝાડ છે, તેમનામાં આપણા માટે પ્રાણીઓની દુનિયાની સ્થિતિ પણ આનાથી જુદી નથી. ગાયોના આંચળમાં દૂધ એટલા માટે એકત્ર નથી થતું કે એ એકત્ર રહે, બલ્કે એ ખર્ચ થવા માટે જ પેદા થાય છે. એ દૂધને ગાયનું વાછરડું પણ પીવે છે અને એ આપણા ઉપયોગમાં પણ આવે છે.

પછી સૃષ્ટિમાં કેટલીય અદૃશ્ય શક્તિઓ છે, જે આ રીતે સુરક્ષિત રાખવામાં નથી આવી કે આપણે તેનાથી ફાયદો ઉઠાવી શકીએ. જો ધરતીનું ગુરુત્વાકર્ષણ ધરતી સિવાય જો કોઈ અન્યના ફાયદા માટે ન હોત તો આ ધરતી પર કોઈ વસાહતની સ્હેજેય શક્યતા જ પેદા ન થઈ શકત. આ રીતે જે તરફ પણ દૃષ્ટિપાત કરવામાં આવે તો આ પુરાવો મળશે કે સમગ્ર સૃષ્ટિ દાન તથા બક્ષિશના નિયમ તથા કાયદાના સહારે ચાલી રહી છે. સૃષ્ટિનો કોઈ પણ ભાગ બીજા ભાગથી અસંબંદ્ધ નથી.

માનવીના હક્કમાં અલ્લાહની રહેમત તથા ફૈયાઝી એટલી હદે વધેલી છે કે તેણે ફક્ત બાહ્ય નેઅ્મતોથી જ આપને નવાઝવામાં નથી આવ્યા બલ્કે આંતરિક નેઅ્મત અને 'ઈલ્મ' (જ્ઞાન) તથા 'હિકમત' (ડહાપણ, બુદ્ધિમત્તા)ની દૌલતથી પણ નવાઝવામાં આવ્યા છે, અને આના માટે તેણે 'વહી' (કે 'વહ્ય') તથા 'રિસાલત'નો સિલસિલો જારી ફરમાવ્યો. તેની બક્ષિશ અને એનાયતની કોઈ સીમા કે અંત નથી. આ તેની બક્ષિશ અને એનાયત જ છે જેને આપણે આખિરતથી સરખાવીએ છીએ. કુર્આનમાં ઈર્શાદ થયું છે :

"જો તમે અલ્લાહની નેઅ્મતો ગણતરી કરવા ચાહો તો નથી ગણી શકતા." (સૂરઃ ઈબ્રાહીમ, આયત-૩૪). "શું તમે જોતા નથી કે અલ્લાહે ધરતી અને આકાશોની તમામ વસ્તુઓને તમારા માટે આધીન કરી રાખી છે અને પોતાની જાહેર અને છૂપી નેઅ્મતો તમારા પર પૂર્ણ કરી દીધી છે ?" (સૂરઃ લુકમાન, આયત-૨૦).

"જ્ઞાન સભા"

## ઈદ્દત પૂરી કર્યા પહેલાં કરવામાં આવેલા નિકાહનો હુકમ

"જ્ઞાન સભા"

ડો.રઝિયુલ ઈસ્લામ નદવી

**પ્રશ્ન : જો કોઈ સ્ત્રીએ પોતાના પતિથી 'ખુલ્અ' લઈ લીધો હોય, અને 'ખુલઅ'ના ફક્ત ૧૫ દિવસ પછી તેનો કોઈ બીજા માણસ સાથે નિકાહ કરી દેવામાં આવે તો શું આ નિકાહ શરઈ રીતે યોગ્ય હશે ? જો યોગ્ય નથી તો તેની દલીલ શું છે ? મહેરબાની કરીને આ પણ જણાવો કે આ ખોટા કાર્ય કે ભૂલની સુધારણા કેવી રીતે થઈ શકે છે ?**

ઉત્તર : 'ખુલઅ' પછી ઈદ્દત વિતાવવી સ્ત્રી માટે અનિવાર્ય છે. હન્ફીઓ, માલિકીઓ અને શાફઈઓ નજીક 'ખુલઅ' 'તલાકે બાઈન'ના હુકમમાં છે. આથી તેની ઈદ્દત એ જ છે જે તલાકશુદા સ્ત્રીની હોય છે, એટલે કે ત્રણ માસિક-સ્ત્રાવ. હમ્બલીઓ નજીક 'ખુલઅ' 'ફિસ્ખે-નિકાહ'ના હુકમમાં છે. આથી આની ઈદ્દત ફક્ત એક માસિક-સ્ત્રાવ છે. જ્યાં સુધી આ ઈદ્દત પૂરી ન થઈ જાય ત્યાં સુધી આ સ્ત્રીનો કોઈ અન્ય માણસ સાથે નિકાહ જાઈઝ નથી. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે : "જે સ્ત્રીઓંને તલાક આપવામાં આવી હોય તેઓ ત્રણ વખત માસિક-સ્ત્રાવની મુદ્દત આવી જાય ત્યાં સુધી પોતાને રોકી રાખે." (સૂરઃ અલ-બકરહ, આયત-૨૨૮)

બીજી જગ્યાએ છે : "નિકાહનો સંબંધ બાંધવાનો નિર્ણય ત્યાં સુધી ન કરો, જ્યાં સુધી ઈદ્દત પૂરી ન થઈ જાય." (સૂરઃ અલ બકરહ, આયત-૨૩૫).

ફિકહવેત્તાઓએ સ્પષ્ટતા કરી છે કે 'ખુલઅ' મેળવનારી સ્ત્રી ઉપર પણ તલાક પામેલ સ્ત્રીની જેમ ઈદ્દત વાજિબ (અનિવાર્ય) હશે. આથી બદાઈ વ સનાઈમાં છે : "ખુલઅ પામેલ સ્ત્રી પણ તલાક પામેલ સ્ત્રીની જેમ ત્રણ 'હૈઝ' (માસિક-સ્ત્રાવ) સુધી ઈદ્દત વિતાવશે."

આથી જ કોઈ સ્ત્રીનો તેના 'ખુલઅ'ના ફક્ત ૧૫ દિવસ પછી બીજો નિકાહ કરી દેવામાં આવ્યો હોય અને ઈદ્દત પૂરી ન થઈ હોય તો એ નિકાહ શરઈ રીતે દુરસ્ત નહીં હોય. કેમકે ઈદ્દતના સમય-ગાળા (મુદ્દત) દરમ્યાન નિકાહ કરી શકાતો નથી.

જો આવો નિકાહ થઈ ગયો હોય તો તેની સુધારણાની રીત આ છે કે સ્ત્રી અને બીજા પતિની વચ્ચે તુરત જ અલાયદગી કરી દેવામાં આવે. સ્ત્રી પહેલાં 'ખુલઅ'ની ઈદ્દત પૂરી કરી લે. ત્યારબાદ જો બન્ને નિકાહ કરવા ચાહે તો બે સાક્ષીઓની મૌજૂદગીમાં નવી મહેરની સાથે તેમનો નિકાહ કરાવી દેવામાં આવે. •••

# ઇસ્લામની કૌટુંબિક વ્યવસ્થા

**ઇસ્લામી મુઆશરા**

**(મર્હૂમ) મૌલાના સૈયદ જલાલુદ્દીન ઉમ્રી**




ઈસ્લામની કૌટુંબિક વ્યવસ્થાને આપણે ‘મુસ્લિમ પર્સનલ લૉ’ કહીએ છીએ. આમાં નિકાહ, તલાક, ખુલઅ, ભરણ-પોષણ, વારસો વસિયત બાળકને દૂધ પીવડાવવું ને હિઝાનત (બાળકની કસ્ટડી) વિ. સામેલ છે. ‘હિઝાનત’ (Child Custody)નો અર્થ આ છે કે પતિ-પત્ની જુદા થઈ ગયા તો બાળકોનો ઉછેર કોણ કરશે? બાળકો જો નાના છે તો તેમનો ઉછેરનો જવાબદાર કોણ હશે? આ પ્રકારના ઘણા પ્રશ્નો તેમાં આવે છે. આનો સંબંધ પતિ-પત્નીથી પણ છે, માતા-પિતાથી પણ અને સંતાનથી પણ, ભાઈ-બ્હેનથી પણ અને અન્ય સગાં-સંબંધીઓથી પણ. સૌના હક્કો અને જવાબદારીઓ કુર્આનમજીદમાં વર્ણવવામાં આવી છે. અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ આની સ્પષ્ટતા કરી દીધી છે. એ સમયથી લઈને અત્યાર સુધી કોઈ યુગ એવો નથી વીત્યો કે આમના પર અમલ થયું ન હોય. જ્યારે નમાઝ ફર્ઝ થઈ, રોઝા ફર્ઝ થયા, ઝકાતના આદેશો આવ્યા, હજ્જના આદેશો આવ્યા, એ સમયથી લઈને સતત આજ સુધી દરેક માણસ તેમના પર અમલ કરી રહ્યો છે. બરાબર એવી જ રીતે પર્સનલ લૉ ઉપર પણ અમલ થતું રહ્યું છે.

**મુસલમાનોએ પર્સનલ લૉ ઉપર હંમેશાં અમલ કર્યું છે**

કેટલીક વખત આ માનવામાં આવે છે કે પર્સનલ લૉનો પ્રશ્ન પતિ-પત્નીનો વ્યક્તિગત્ પ્રશ્ન છે. હકીકતમાં આવું નથી. આ પ્રશ્ન સમગ્ર પરિવારથી સંબંધિત છે. કુર્આન તથા હદીસે નમાઝ, રોઝાની જેમ આમની પણ પાબંદીનો હુકમ આપ્યો છે. જ્યારથી આ આદેશ આવ્યા છે, કોઈ યુગ એવો નથી વીત્યો કે તેના પર અમલ થયું ન હોય. આના પર અમલ એ સમયે પણ થયું છે કે જ્યારે મુસલમાનો સત્તામાં હતા, અને એ સમયે પણ તેના પર અમલ થયું જ્યારે તેઓ સત્તામાં ન હતા. આના પર અમલ આરબમાં પણ થયું ને ત્યારે પણ થયું કે જ્યારે મુસલમાનોની હકૂમત આરબથી બહાર કાયમ (સ્થાપિત) થઈ. ઈરાકમાં થયું, ‘મિસ્ર’ (ઈજિપ્ત) અને ‘શામ’ (સીરિયા)માં થયું, ફલસ્તીનમાં થયું, બલ્કે સમગ્ર વિશ્વમાં થયું. આજે પણ આના પર એ દેશોમાં અમલ થઈ રહ્યું છે જ્યાં મુસલમાનો બહુમતીમાં છે, અને એ દેશોમાં પણ થઈ રહ્યું છે જ્યાં તેઓ લઘુમતીમાં છે. જેમકે ભારત, અથવા એ પશ્ચિમી દેશો જ્યાં તેઓ ૨-૪ ટકા છે, કોઈ નથી કહી શકતું કે અમે અહીં ૨ ટકા છીએ, એટલે નમાઝ નહીં પઢીએ, અથવા રોઝા નહીં રાખીએ, અથવા તેમાં સુધારો કરીશું. ઉનાળાની ઋતુ છે તો રમઝાનના રોઝા બીજા મહિનામાં રાખી લઈશું. ઝકાત એક ટેક્ષ છે, અમે નહીં આપીએ. આ પ્રકારની વાતો કોઈ નથી કહી શકતું. મુસલમાનો ગમે ત્યાં રહે અને ગમે તેવી સ્થિતિમાં રહે, સત્તામાં રહે કે સત્તાની બહાર, તેઓ આ કૌટુંબિક આદેશોના પાબંદ છે. આમની એવી જ રીતે તાકીદ કરવામાં આવી છે જેવી રીતે નમાઝ તથા રોઝા વિ.ની કરવામાં આવી છે. કુર્આનમજીદમાં જ્યાં કૌટુંબિક આદેશો વર્ણવવામાં આવ્યા છે, કહેવામાં આવ્યું છે કે આ સીમાઓ (મર્યાદાઓ) છે, એક મુસલમાને આમની અંદર રહેવું પડશે, આમનાથી આગળ તે વધી શકતો નથી. એક જગ્યાએ વારસાની વહેંચણીના સિદ્ધાંતો કે નિયમો વર્ણવવામાં આવ્યા છે. તેની આગળ ફરમાવવામાં આવ્યું :

“આ અલ્લાહની નિર્ધારિત કરેલ સીમાઓ છે. જે અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરશે તેને અલ્લાહ એવા બાગોમાં દાખલ કરશે જેની નીચે નહેરો વહેતી હશે અને તે બાગોમાં તે હંમેશાં રહેશે અને આ જ મોટી સફળતા છે. અને જે અલ્લાહ તેના રસૂલની અવજ્ઞા કરશે અને તેણે ઠરાવેલી સીમાઓનું ઉલ્લંઘન કરશે તેને અલ્લાહ આગમાં નાખશે જેમાં તે હંમેશાં રહેશે અને તેના માટે અપમાનજનક સજા છે.” (સૂરઃ અન્ નિસા, આયત-૧૩, ૧૪)

અહીં વારસાનો કાનૂન વર્ણવવામાં આવ્યો છે. અલ્લાહે તેની સીમાઓ વર્ણવી દીધી છે. જે માણસ આનાથી આગળ વધશે, અથવા તેમનામાં સુધારા કરશે, અલ્લાહતઆલા તેને જહન્નમમાં નાખી દેશે, જેમાં તે હંમેશાં રહેશે. એક જગ્યાએ તલાકના આદેશો પછી ફરમાવ્યું :

“આ અલ્લાહે ઠરાવેલી મર્યાદાઓ છે, તેનું ઉલ્લંઘન ન કરો, અને જે લોકો અલ્લાહની મર્યાદાઓનું ઉલ્લંઘન કરે તેઓ જ અત્યાચારી છે.” (સૂરઃ અલ બકરહ, આયત-૨૨૯)

અલ્લાહતઆલાએ તલાકની રીત વર્ણવી દીધી છે. આ અલ્લાહનો કાનૂન છે, અને તેની કાયમ (સ્થાપિત) કરેલી સીમા છે. જે અલ્લાહની સીમાનું ભંગ કરશે, એ બીજાને શું નુકસાન પહોંચાડશે? ખુદ પોતાનું જ નુકસાન કરશે. માણસ વિચારે છે કે તેણે પત્નીનો હક્ક નથી આપ્યો, રિશ્તેદારોનો હક્ક પચાવી પાડયો છે, બાળકોનો હક્ક ઝૂંટવી લીધો છો, ભાઈ-બહેનનો હક્ક હડપ કરી લીધો છે, તો આ તેણે મોટી સફળતા પ્રાપ્ત કરી લીધી છે? કુર્આન કહે છે કે ના ! બીજાઓની તબાહી થઈ છે કે નહીં, આ પછી જોઈશું, યાદ રાખો, સૌથી પહેલાં તમે પોતે તબાહ થઈ ગયા.

**અલ્લાહના આદેશોની અવજ્ઞા અઝાબને પાત્ર બનાવે છે**

જે કોમોએ અલ્લાહના આદેશોની અવજ્ઞા કરી, અલ્લાહે તેમનો ખૂબ જ સખત હિસાબ લીધો અને તે તબાહ કરી દેવામાં આવી. આથી કોઈ કોમ આ ન વિચારે કે અમે અલ્લાહની અવજ્ઞા કરીને તેના અઝાબથી બચી જઈશું. સૂરઃ તલાકમાં વાત સમાપ્ત કરતાં અલ્લાહતઆલાએ ફરમાવ્યું :

કેટલીય વસ્તીઓ છે જેમણે પોતાના રબ ને તેના રસૂલોના આદેશનો અનાદર કર્યો, તો અમે તેમની પાસેથી સખત હિસાબ લીધો અને તેમને ઘણી ખરાબ રીતે સજા આપી. તેમણે પોતાની કરણીનો સ્વાદ ચાખી લીધો અને તેમનું પરિણામ તો નુકસાન જ નુકસાન છે.” (સૂરઃ અત્ તલાક, આયતો-૮, ૯)

આથી કોઈ કોમ અને કોઈ વસ્તી આ ન સમજે કે અલ્લાહના આદેશની અવજ્ઞા કરીને એ બચી જશે. આ ચેતવણી એટલા માટે આપવામાં આવી કે આ આદેશોની પાબંદી માણસ એવી રીતે કરે કે જેવી રીતે આમનો પાબંદ બનાવવામાં આવ્યો છે. લોકને આજકાલ નમાઝ તથા રોઝાની પાબંદી ત ખૂબ સહેલાઈથી સમજમાં આવી જાય છે, પરંતુ બીજા આદેશો વિષે તેઓ સમજે છે કે તેમના પર અમલ કરવાની બાબતમાં તેઓ સ્વતંત્ર છે. કહેવામાં આવ્યું કે ના, કોમો તબાહ થઈ ચૂકી છે અલ્લાહની અવજ્ઞાના લીધે. આથી જો તમે દુનિયામાં જીવિત રહેવા ચાહો છો તો અલ્લાહના આદેશોના પાબંદ રહો.

(અનુસંધાન પાંચમા પાને)

**સોનેરી વાક્યો** **સોનેરી વાક્યો**

## સોનેરી કથન

### હઝરત ઉમર ફારૂક રદિ.

- દુનિયા કમાને કે ખ્વાહિશમંદ કો ઈલ્મ પઢાના, લુટેરે કે હાથ તલવાર બેચને જૈસા હૈ.
- જો ઐબ (ખામિયોં) સે આગાહ કરે વો દોસ્ત હૈ, ઔર મુંહ પર તારીફ કરના જૈસે ઝબહ કરના હૈ.
- ઝાલિમોં કો માફ કરના મઝલૂમોં પર ઝુલ્મ કરને કે બરાબર હૈ.
- દુનિયા થોડી લો, તા કે આઝાદાના ઝિંદગી બસર કરો.
- જબ હલાલ ઔર હરામ જમા હોં તો હરામ ગાલિબ હોતા હૈ, ચાહે વો થોડા સા હી હો.

ZENITH PARTY PLOT
Bringing People Together
Zenith Tins Compound, Chhani, Vadodara.

Late Yunushbhai Sabuwala
Samir Sabuwala
98245 47998
Abuzar Sabuwala
79841 77790
FIRDOSH
Plain Cotton, Poplin, Printed Cotton, Jaipuri Printed, Cambric, All Type of Cotton Chaniya Retail & Wholesale
Opp. Sabuwala Co., Dhalgarwad Kapad Bazar, Ahmedabad

Javedbhai
M.: 9824345461
MIMM FURNISHING
Ruwaid
M.: 9724416066
મસ્જીદ માટે સફ મળશે મસ્જીદ માટે સફ મળશે
All types of Doormats, Imported Carpets, Sofa Covers, Curtains, Blankets, Cushion Covers Available
1837, Three Gate, Main Road, Ahmedabad

શફી મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
ઓલવિશ મેન્સવેર
સંતોષકારક સિલાઈકામ માટે મળો.
૮, અદાણી ઉદય માર્કેટ, રતનપોળ, હાથીખાના, અહમદઆબાદ - ૩૮૦૦૦૧

મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
શોએબ સિલેકશન
એક્સકલુઝીવ શુટિંગ, શર્ટિંગ
૪૪૫, બીજો માળ, સહજાનંદ માર્કેટ, પાનકોરનાકા, વૃન્દાવન માર્કેટની બાજુમાં, અહમદઆબાદ-૩૮૦ ૦૦૧.

સલીમ કરીમી
મો.: ૯૮૯૮૦ ૬૯૦૪૭
૯૭૨૪૭ ૭૮૬૯૮
Adarsh Driving School
પદ્ધતીસરનું ડ્રાઈવીંગ શિખવા માટે સંપર્ક કરો.
૧૪, આઝાન કોમ્પ્લેક્ષ, રોયલ નવાબ એવન્યુ ની સામે, સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૫.

શાહીદભાઈ ૯૮૨૪૦૪૭૫૧૦
ઉસ્માનભાઈ ૯૮૯૮૬૧૮૫૦૨
7 STAR
સેવન સ્ટાર એગ્ઝ માર્ટ
છૂટક તથા જથ્થાબંધ ઈંડાના વહેપારી
જમાલપુર હલાડીવાડ, હેબતખાન મસ્જિદની પાસે, અહમદઆબાદ-૧
ફોન : ૨૫૩૯૧૪૨૮, ૨૫૩૮૦૦૧૪

## ઈસ્લામની કૌટુંબિક...

(ચોથા પાનાનું ચાલુ)

**મુસ્લિમ પર્સનલ લૉનું મહત્ત્વ**

આ દેશમાં મુસલમાનોના ઘણાં પ્રશ્નો ને સમસ્યાઓ છે. તેઓ જીવનના ઘણાં ક્ષેત્રોમાં પછાત છે, જેના વિવિધ કારણો છે. પરંતુ એ સૌને અવગણીને કે ઉપેક્ષા કરીને કહેવામાં આવી રહ્યું છે કે મુસલમાનો પોતાના પર્સનલ લૉને વળગેલા છે, આથી પાછળ છે. જો આ લોકો પોતાના પર્સનલ લૉ પર અમલ કરવાનું છોડી દે તો જાણે કે તેઓ આગળ વધી જશે. મૂળ વાત આ છે કે આપણો કેટલોક દીન તો મસ્જિદોમાં છે, અને કેટલોક ઘરોમાં છે. તેઓ ઇચ્છે છે કે એ ઘરોમાંથી પણ નીકળી જાય. જો આપણા બાળકો આ સમજી લે કે આ દીન બાપ-દાદા સુધી હતો, હવે તેના પર અમલ જરૂરી નથી તો પછી આ દીન ખતમ થઈ જશે. તમારી કોઈ ઓળખ નહીં રહે. તમારા લગ્ન-વિવાહ અન્ય લોકોની જેમ થશે, અને પતિ-પત્નીમાં અલાયદગી પણ એવી જ રીતે (અન્ય લોકોની જેમ) થશે, અને તમારા વારસાની વહેંચણી પણ એવી જ રીતે (અન્ય લોકોની જેમ) થવા લાગશે. પછી તમારી કોઈ ઓળખ જ બાકી નહીં રહે. તમારે ત્યાં નિકાહની એક પદ્ધતિ-નિયમ છે. પરંતુ કોર્ટ કહે છે કે જો છોકરો અને છોકરી (સરકારી કાયદા મુજબ) એક સાથે રહે છે તો આ તેઓ વિવાહિત છે. તેમનું એક સાથે રહેવું તેમની દૃષ્ટિએ વિવાહિત હોવા માટે પૂરતું છે. 'લવ મૅરેજ'ના નામે અથવા કોઈ અન્ય નામે જો બન્ને એક સાથે રહી રહ્યા છે તો તેઓ વિવાહિત છે. તેમનાથી જે સંતાન થશે એ પણ (તેમની નજરે) ઉચિત સંતાન હશે. પરંતુ દેખીતું છે કે ઇસ્લામી દૃષ્ટિકોણથી આ નિકાહ નથી. આથી આપણે આ જોવું જોઈએ કે જો ઇસ્લામની કૌટુંબિક વ્યવસ્થા ખતમ થઈ તો પછી આ દેશમાં આપણી કોઈ ઓળખ બાકી નહીં રહે. આથી આ વાતનો પ્રયાસ કરવો જોઈએ અનેસમગ્ર વિશ્વને પણ બતાવવું જોઈએ કે મુસલમાનોના પર્સન લૉનું શું મહત્ત્વ છે. જો આ ન થયું તો તેમની ધાર્મિક ઓળખ કે અસ્તિત્વ ખતમ થઈ જશે.

તલાકના પ્રશ્નને એવી રીતે રજૂ કરવામાં આવી રહ્યો છે કે આ મુસલમાનોની ઘણી મોટી સમસ્યા છે. હકીકત આ છે કે મુસલમાનોમાં લાખોમાંથી કોઈ એક બનાવ તલાકનો બને છે. આ ખોટું છે કે ખરૂં આનો નિર્ણય તો ખુદ મુસલમાનો જ કરશે. મુસલમાનોએ પોતાના પર્સનલ લૉ ઉપર દરેક યુગમાં અમલ કર્યુ છે. અંગ્રેજોના શાસનકાળમાં પણ અહીં મુસલમાનોના પર્સનલ લૉ ઉપર અમલ થતું રહ્યું છે. ઈ.સ. ૧૯૩૭માં એક એક્ટ પસાર થયો જેમાં કહેવામાં આવ્યું કે જો બન્ને પક્ષકારો (અર્થાત્ કેસ દાખલ કરનાર) મુસલમાન છે તો તેમની વચ્ચે શરીઅતના કાયદા મુજબ ચુકાદો કરવામાં આવશે. જો તેમાં (સરકારી ચુકાદામાં) ક્યાંક કોઈ કમી જણાતી તો તેમને (ન્યાયાધીશને) જણાવવામાં આવતું હતું કે આ બાબતમાં અમારો કાયદો (શરીઅત, પર્સનલ લૉ) આ છે આથી તે મુજબ સુધારો થઈ જતો હતો. આ જ વાત આપણા બંધારણમાં પણ સ્વીકારવામાં આવી છે, કે અહીંના દરેક સમૂહને પોત-પોતાના પર્સનલ લૉ ઉપર અમલ કરવાનો અધિકાર પ્રાપ્ત છે. તેઓ તેના પર ફક્ત અમલ કરી શકે છે, એટલું જ નહીં બલ્કે તેને ફેલાવી પણ શકે છે. તેનો પ્રચાર-પ્રસાર પણ કરી શકે છે. આ તમામ અધિકારો અહીંના બંધારણે આપ્યો છે.

**મુસ્લિમ પર્સનલ લૉ ઉપર અમલનો અધિકાર બંધારણીય છે**

જો કોઈ મુસલમાન પોતાના પર્સન લૉ ઉપર અમલ કરે છે તો એ કોઈ બંધારણ વિરુદ્ધનું કાર્ય નથી કરતો, બલ્કે એ જ બંધારણની અંદર રહીને જ કાર્ય કરે છે. ઘણા લોકો કહે છે કે ભારતનું એક બંધારણ છે, તેમ છતાં મુસલમાનોએ આ નવું બંધારણ ક્યાંથી કાઢ્યું? હકીકતમાં તો દેશના બંધારણે મુસલમાનોને જે અધિકારો આપ્યા છે તેમના પર જ તેઓ અમલ કરી રહ્યા છે. દેશના બંધારણે પોતે સ્વીકાર્યુ છે કે અહીંની દરેક કોમ્યુનિટીને પોતાના પર્સનલ લૉ ઉપર અમલ કરવાનો અધિકાર પ્રાપ્ત છે. અમે (મુસલમાનો) તેના પર અમલ કરી રહ્યા છીએ.જો અમે આનાથી વિરુદ્ધ જઈએ ત્યારે તમે કહી શકો છો કે અમે કોઈ બીજો કાયદો બનાવી રહ્યા છીએ.આ વાત સમજાવવાની જરૂરત છે અને પૂરા ભાર અને શક્તિ સાથે વર્ણવવા તથા રજૂ કરવાની જરૂરત છે.

**મુસલમાનોને ઈસ્લામી શિક્ષણથી વાકેફ કરાવવામાં આવે**

આજે પરિસ્થિતિ એવી છે કે મુસલમાનોનો એક મોટો વર્ગ ઈસ્લામી શિક્ષણથી અજાણ છે. ઘણા લોકો એવા છે કે જેમને ન તો દીનનું જ્ઞાન છે કે ન તો દુનિયાનું. શહેરોમાં પરિસ્થિતિ થોડી સારી છે, પરંતુ ગામડાઓમાં તો મુસલમાનોને જોઈને આ ખ્યાલ પણ નથી આવતો કે તેઓ મુસલમાન છે. તેઓ નમાઝ, રોઝા, ઝકાત કે હજ્જ વિશે કંઈ નથી જાણતા. હદ તો આ છે કે ઘણા લોકો કલ્મ-એ-તૈયિબાનો અર્થ અને ભાવાર્થથી પણ વાકેફ નથી. ફક્ત ઈદ અને બકરી ઈદ દરમિયાન, તેઓ પોતાના મુસલમાન હોવાનું કંઈક વ્યક્ત કરે છે. આ સ્થિતિમાં, આપણી જવાબદારી છે કે આપણે આ લોકોને ઈસ્લામી શિક્ષણથી વાકેફ કરાવીએ અને તેમને અલ્લાહના હક્કો અને લોકોના હક્કોથી વાકેફ કરાવીએ. આપણે તેમને માતા-પિતા, બાળકો, સંબંધીઓ અને સંબંધીઓના હક્કોથી પણ વાકેફ કરાવીએ, અને ફક્ત આ બાબતો પર કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરીએ.

ઈસ્લામે ન્યાય અને સમાનતાનો આદેશ આપ્યો છે. તેણે બધા લોકોને તેમના અધિકારો આપ્યા છે અને કોઈની પણ સાથે અન્યાય કર્યો નથી.પતિ-પત્નીના હક્કો, માતા-પિતાના હક્કો, ભાઈ-બહેનોના હક્કો, આ બધું શરિયતમાં સ્પષ્ટ રીતે સમજાવવામાં આવ્યું છે.

આપણે આપણા બાળકોની દીની તાલીમ અને દીની તર્બિયતની પણ ચિંતા કરવી જોઈએ. આપણી જવાબદારી છે કે આપણે તેમને ઈસ્લામી શિક્ષણથી વાકેફ કરાવીએ અને ઈસ્લામ વિશે આપણી પાસે જે કંઈ માહિતી છે તે તેમને પહોંચાડવાનો પ્રયાસ કરીએ, તેમને દીની શિક્ષણથી સુસજ્જ કરીએ, તેમના હક્કો અને જવાબદારીઓથી માહિતગાર કરીએ. એવી સમિતિઓની રચના કરીએ જે આ યુવાન મુસલમાનોને સલાહ આપી શકે. જો આપણે આ અભિગમ નહીં અપનાવીએ, તો વર્તમાન શૈક્ષણિક વાતાવરણમાં, એવી અપેક્ષા રાખી શકાય નહીં કે યુવા પેઢી ઈસ્લામી શિક્ષણથી વાકેફ થઈ શકશે. •••

## બાળકોને શીખવો...

(છઠ્ઠા પાનાનું ચાલુ)

કિશોરાવસ્થામાં (૧૩-૧૮ વર્ષ) મિત્રતા ભાવનાત્મક બની જાય છે. બાળકો મિત્રો પાસેથી સલાહ લે છે અને પોતાની ઓળખ બનાવે છે. અહીં મિત્રતાની કળા શીખવવી જરૂરી છે જેથી તેઓ ખોટી સોબતથી બચી શકે. આ ઉંમરે સંગતની પસંદગી કરવી અને પોતાના સિદ્ધાંતોનું પાલન કરવાનું શીખવવાનું હોય છે. ઉદાહરણ તરીકે, મિત્રની સફળતા પર તેને ખુલ્લા દિલથી અભિનંદન આપતા શીખવો. ઈર્ષ્યા કે સંકુચિતતા સારા મિત્રોથી દૂર કરી દે છે. કોઈ મિત્ર સાથે તેની આર્થિક સ્થિતિને બદલે તેની ખૂબીને કારણે મિત્રતા રાખવી જોઈએ. મિત્રની ગેરહાજરીમાં તેની નિંદા ન કરવાનો નિયમ પણ સમજાવવો જોઈએ. કોઈ બાળકની ભૂલ પર તેની મજાક ઉડાવવાને બદલે નબળા બાળકોનો સહારો બનવાનું શીખવો. આ પ્રકારની વાતચીત ઘરે કરવાથી બાળકો મિત્રો વચ્ચે વફાદારી અને વસુધૈવ કુટુંબકમની ભાવના શીખે છે.

**માતા-પિતા અને શિક્ષકોની ભૂમિકા**

માતા-પિતા અને શિક્ષકો બાળકોની મિત્રતાના નિર્માણમાં કેન્દ્રીય ભૂમિકા ભજવે છે. માતા-પિતાએ સૌથી પહેલાં પોતે એક સારું ઉદાહરણ બનવું જોઈએ. જો માતા-પિતા મિત્રો સાથે આદરથી વર્તશે, તો બાળકો તેનું અનુકરણ કરશે. રોજિંદા જીવનમાં માતા-પિતા બાળકોના મિત્રોને ઘરે બોલાવવાની મંજૂરી આપે.

શિક્ષકો શાળામાં સામૂહિક પ્રવૃત્તિઓ દ્વારા મિત્રતા શીખવી શકે છે. વર્ગખંડમાં ટીમવર્ક પ્રોજેક્ટ્સ બાળકોને સહકાર શીખવે છે. શિક્ષકોએ અન્ય બાળકોને પજવવાની (bullying) પ્રવૃત્તિ રોકવી જોઈએ. શિક્ષકોએ જોઈએ કે તેઓ બાળકોના જૂથોમાં ફેરફાર કરે અને તેમને નવા મિત્રો બનાવવાની પ્રેરણા આપે. બાળકોને પોતાના મિત્રની ખૂબીઓ વર્ણવવાનું કહેવામાં આવે, જેથી તેમનામાં બીજાની સફળતા પર ખુશ થવાની આદત કેળવાશે.

**વ્યવહારુ રીતો અને અભ્યાસ**

વસ્તુઓ વહેંચવાની આદત: બાળકોને રમકડાં, ખોરાક કે પુસ્તકો વહેંચવા માટે પ્રોત્સાહિત કરો.

**ભૂમિકા ભજવણી (Role Play):** બાળકોને વિવિધ પરિસ્થિતિઓ ભજવવા દો, જેમ કે ઝઘડો ઉકેલવો કે માફી માંગવી.

**વાત સાંભળવાનો અભ્યાસ:** બાળકને કહો કે જ્યારે મિત્ર વાત કરે ત્યારે તેની સામે જોઈને સાંભળે, ફોન ન જુવે.

**વાર્તાઓ અને રમતો:** મિત્રતા પર આધારિત વાર્તાઓ સંભળાવો. બોર્ડ ગેમ્સમાં વારો લેતાં શીખવો.

**ડિજિટલ મર્યાદા:** ઓનલાઇન મિત્રોની મર્યાદાઓ જણાવો. અઠવાડિયામાં એકવાર "મિત્રતા દિવસ" ઉજવો.

**પડકારો અને તેમના ઉકેલો**

એક મોટો પડકાર 'બુલિંગ' (પજવણી) છે. જો બાળક તેનો શિકાર હોય તો તેને આત્મવિશ્વાસ આપો અને શાળાને જાણ કરો. શારીરિક અને માનસિક મજબૂતી માટે જરૂરી તાલીમ અપાવો.

બીજો પડકાર 'ડિજિટલ એકલતા' છે. માતા-પિતા સ્ક્રીન ટાઈમ મર્યાદિત કરે અને બહાર રમવાની પ્રેરણા આપે. ત્રીજો પડકાર ઈર્ષ્યા કે સ્વાર્થ છે. બાળકો વચ્ચે એકબીજાની સાચી પ્રશંસા કરવાની પ્રવૃત્તિ કરાવો. જો બાળક અંતર્મુખી હોય તો દબાણ ન કરો, પરંતુ નાના જૂથોથી શરૂઆત કરો. પડકારોને તક સમજો અને બાળકોને ઉકેલ શીખવો જેથી તેઓ મજબૂત બને.

**નિષ્કર્ષ**

દુનિયાભરમાં સફળ મિત્રતાના અનેક ઉદાહરણો છે. ઇતિહાસના મહાન પાત્રોની મિત્રતા અને સહકારના કિસ્સાઓ બાળકોને સંભળાવો. શાળાઓમાં હાથ ધરાતા મિત્રતા કાર્યક્રમોથી બાળકોની ખુશીમાં મોટો વધારો જોવા મળે છે. આ ઉદાહરણોથી બાળકોને પ્રેરણા આપો અને તેમને એક ઉમદા અને સામાજિક વ્યક્તિત્વ તરીકે વિકસાવવામાં મદદ કરો.

•••

'ઈલાહી! ખતાઓંસે દિલ કો યૂં સુથરા ફરમા જૈસે મૈલ-કુચૈલસે સફેદ કપડે કો સુથરા બના દેતા હૈ. ઈલાહી! મુઝે ગુનાહોં સે ઈતના દૂર ફરમા દે જિતના તૂને પૂરબ કો પશ્ચિમ સે દૂર કર રખ્ખા હૈ.' (તિબરાની)




M : 9898062816
Video Call - M : 9428419044
Sarkhej Cultch
SALES & SERVICE
Email L aone.raju@yahoo.in
www.sarkhejcultch.com
544/2, A-one Motor Garage Compound,
S.C. Highway, Sarkhej, Ahmeadabad-382210

ફારૂક ૯૯૨૫૨૨૬૯૧૧
આસિફ ૯૮૨૪૬૮૦૧૭૭
AFFIL
AMERICAN excel



સૈફ લગેજ
ટ્રોલી, સૂટકેશ બનાવનાર અને વેચનાર
હજ્જ અને ઉમરાહ માટે સ્પેશ્યલ બેગ મળશે.
સલોની ફલેટ સામે, ગન હાઉસ પાસે,
ખાનપુર, અહમદાબાદ-૩૮૦૦૦૧
ઓફિસ : ૦૭૯-૨૫૫૧૦૬૯૮

મો. ૯૮૨૪૩ ૫૫૭૧૬ ફોન : ૦૭૯-૨૬૮૨૭૭૭૪
સાગર એરકુલર સેલ્સ એન્ડ સર્વિસ
સીમ્ફોની, મેકોય, બજાજ, કેન સ્ટાર, વેગો, પી.વી.સી., વુડન, જી.આઈ અને સ્ટીલના એસેમ્બલ એરકુલર



● દરેક ડેબીટ તથા ક્રેડિટ કાર્ડ અને બજાઝ કાર્ડ સ્વીકાર્ય
અશરફનગરના નાકે, એપીએમસી માર્કેટ, ગેટ નં.૩ પાસે, મેટ્રો પીલ્લર ૪૪ની સામે,
૧૩૨ ફુટ રીંગ રોડ, જુહાપુરા, અહમદઆબાદ-૩૮૦૦૫૫.

# બાળકોને શીખવો, મિત્રતાની કળા

● ડૉ. ખાન મુબશ્શિરા ફિરદૌસ

બાળકોના ઉછેરમાં સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે તેમને ખરાબ સંગતથી બચાવી લેવા એ જ સાચું શિક્ષણ છે. આ જ દોડધામમાં માતા-પિતા બંધ ઓરડાઓ કે બંધ એપાર્ટમેન્ટમાં તેમનો ઉછેર કરે છે. જો કે, મનુષ્ય સમાજ વગર જીવી શકતો નથી; સમાજ મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતોમાંની એક છે. સામાજિક સંબંધો જે રીતે મોટાઓ માટે જરૂરી છે, તેવી જ રીતે બાળકો માટે પણ અનિવાર્ય છે. બાળકોનું પોતાનું મિત્ર વર્તુળ અને સમકાલીન મિત્રોનું વર્તુળ પણ હોય છે.

કેટલાક માતા-પિતા બાળકોની સંગત બાબતે ખૂબ ચિંતિત હોય છે. મોટાભાગના માતા-પિતા એવું સમજે છે કે જો તેઓ પોતાના બાળકોને બંધ એપાર્ટમેન્ટમાં રાખશે તો બાળક ખરાબ સંગતથી દૂર રહેશે, તેનો ઉછેર સારો થશે, તે ખૂબ જ પસંદગીની વસ્તુઓ શીખશે અને તેનું વલણ પણ મર્યાદિત રહેશે; અને આ જ બાબતને મોટાભાગના માતા-પિતા બાળકની અસલ કેળવણી માને છે. બાળક દરેક વાત આજ્ઞાકારી બનીને સાંભળી લે છે, જે કહો તે જ કરે છે, સંપૂર્ણપણે માતા-પિતાના નિયંત્રણમાં રહે છે અને તે જ બાળક શિસ્તબદ્ધ છે; એટલું જ નહીં, તેને બેઠકખંડમાં બેઠેલા મહેમાનો સામે પણ બનાવટી અંદાજમાં ઊઠવા-બેસવાનું શીખવવામાં આવે છે અને આ જ વાતની પ્રશંસા મહેમાન અને યજમાન બંને કરે છે કે બાળકો તોફાન નથી કરતા, માતા-પિતાની આંખોના ઈશારા સમજી લે છે.

બાળકો મોટાઓનું વિસ્તરણ નથી હોતા, પણ બાળકો તો બાળકો હોય છે. મોટાઓથી સંપૂર્ણ અલગ અસ્તિત્વ ધરાવે છે. દબાણ અને નિયંત્રણના વાતાવરણમાં તેઓ ત્યાં સુધી જ રહે છે જ્યાં સુધી તેમની સમજણ પુખ્ત થતી નથી. જેવી તેમની સમજણ પુખ્ત થાય છે, તેઓ પોતાની જાતને મોટા સમજવા લાગે છે. આ જ એવા બાળકો હોય છે જે સમજણ આવતાંની સાથે જ માતા-પિતાની પકડથી ગૂંગળામણ અનુભવવા લાગે છે અને સ્વતંત્ર વિચારમાં રહેવાનું શરૂ કરી દે છે. માતા-પિતાની અવજ્ઞા કરવાથી તેમને માનસિક સંતોષ મળે છે. બાળક વિચારે છે કે હવે હું નિયંત્રણમાં નહી રહું; હું અત્યાર સુધી માતા-પિતાનું જ માનતો આવ્યો છું.

હકીકતમાં, બાળકો માટે માતા-પિતાનું નિયંત્રિત વલણ ખૂબ જ પીડાદાયક હોય છે, તેથી બાળપણથી જ બાળકોની



સામાજિક, નૈતિક અને ભાવનાત્મક કેળવણી જરૂરી છે, જે બાળકોને મિત્રો બનાવવામાં અથવા સામાજિક આદાનપ્રદાનમાં મદદરૂપ સાબિત થાય છે. જ્યારે પણ સ્ત્રીઓ બાળકોના બદલાતા વર્તન અંગે પ્રશ્ન પૂછે છે, ત્યારે સૌથી પહેલાં એ જ વિચાર આવે છે કે બાળકને આપવામાં આવેલું વાતાવરણ જરૂર 'નિયંત્રિત' રહ્યું હશે. બાળકોને યોગ્ય મિત્રો બનાવવાની મંજૂરી આપવી જોઈએ અને તેમને તેમના સાથીદારો સાથે સંબંધ રાખવા દેવો જોઈએ. જેટલા વિવિધ જૂથોમાં બાળકો સામેલ થશે, તેટલો જ તેમના અનુભવોમાં વધારો થાય છે અને તેઓ પોતાના સાથીદારો પાસેથી શીખે છે.

બાળપણના જીવનમાં મિત્રતા એક એવું તત્ત્વ છે જે માત્ર ખુશી અને આનંદનું કારણ નથી બનતું, પરંતુ બાળકોના વ્યક્તિત્વના ઘડતરમાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. મિત્રતાની કળા શીખવી બાળકોને સામાજિક કૌશલ્યો, સહાનુભૂતિ, આત્મવિશ્વાસ અને સહકારનું મહત્ત્વ શીખવે છે. આજની આ ઝડપી દુનિયામાં જ્યાં બાળકો ડિજિટલ ઉપકરણો અને એકલતાનો શિકાર બની રહ્યા છે, ત્યાં માતા-પિતા અને શિક્ષકોની જવાબદારી છે કે તેઓ બાળકોને વાસ્તવિક અને ટકાઉ મિત્રતા બાંધવાની આવડત શીખવે. અમે આ વિષય પર એક સંપૂર્ણ સમીક્ષા રજૂ કરીશું, જેમાં મિત્રતાનું મહત્ત્વ, તેના વિકાસના તબક્કા, વ્યવહારુ રીતો અને કેટલીક ઘટનાઓનો અભ્યાસ, પડકારો અને ઉકેલો સામેલ હશે. આપણે જોઈશું કે કેવી રીતે બાળકોને મિત્રતાની કળા શીખવીને તેમને એક ખુશહાલ અને સંતુલિત જીવન તરફ દોરી શકાય છે.

**બાળપણની મિત્રતા**

પ્રારંભિક ત્રણ વર્ષની ઉંમર સુધીની મિત્રતા બાળપણનો પાયો છે. બાળકો જ્યારે મિત્રતા કરે છે ત્યારે તેઓ માત્ર રમવાનો સાથી જ નથી મેળવતા, પરંતુ જીવનનો પાઠ પણ શીખે છે. મનોવૈજ્ઞાનિકોના મતે, બાળપણમાં સારી મિત્રતા બાળકોના માનસિક અને ભાવનાત્મક વિકાસને વેગ આપે છે. ઉદાહરણ તરીકે, એક સારો મિત્ર બાળકને તણાવનો સામનો કરવા, સમસ્યાઓ ઉકેલવા અને આત્મવિશ્વાસ વધારવામાં મદદ કરે છે.

સર્વેક્ષણો દર્શાવે છે કે જે બાળકો સારા મિત્રો સાથે રહે છે, તેમનામાં ઉદાસીનતા અને એકલતાનું પ્રમાણ ઓછું હોય છે. અમેરિકી સાયકોલોજીકલ એસોસિએશનના એક અહેવાલમાં જણાવાયું છે કે બાળપણની મિત્રતા પુખ્ત જીવનના સંબંધોનો પાયો બને છે. મિત્રતા બાળકોને સહાનુભૂતિ શીખવે છે, જેમ કે બીજાની ખુશીમાં સામેલ થવું કે દુઃખમાં દિલાસો આપવો. આ કળા માત્ર સામાજિક રીતે ઉપયોગી નથી બલ્કે શૈક્ષણિક સફળતામાં પણ વધારો કરે છે, કારણ કે મિત્રતા ધરાવતા બાળકો સામૂહિક કાર્યમાં વધુ સારું પ્રદર્શન કરે છે. ધાર્મિક પરંપરાઓમાં પણ મહાપુરુષો બાળકોને આ શીખવતા હતા.

બીજાઓ સાથે વાતની શરૂઆત 'અભિવાદન' થી કરો. અભિવાદન મિત્રતાનો પહેલો દરવાજો છે. તેનાથી અજાણ્યાપણું ખતમ થાય છે અને નિકટતા પેદા થાય છે. આ હકીકતમાં બાળકોને શીખવવાનું હોય છે કે કેવી રીતે પોતાના સાથીદારો વચ્ચે પોતાની જગ્યા બનાવવી; જેને આપણે સામાજિક શરૂઆતનું કૌશલ્ય (social initiation skill) કહીએ છીએ. મિત્રતાનું શૈક્ષણિક પાસું આ છે કે તેનાથી બાળકનો આત્મવિશ્વાસ વધે છે. બાળકને બીજાઓ સાથે વધુ સારી મિત્રતા કરવાની સમજ આવે છે. આ સાથે જ બાળકમાં આત્મગૌરવ અને આત્મવિશ્વાસનો અહેસાસ પેદા થાય છે.

બાળકો જ્યારે રમતા હોય ત્યારે તેમને પ્રેમથી પ્રોત્સાહન આપવું જોઈએ. રમતથી તેમને સખ્તાઈથી રોકવા ન જોઈએ. બાળકોને ભરપૂર તક આપવી જોઈએ, કારણ કે રમતના મેદાન કે સાથીદારોનો સાથ બાળકો માટે સામાજિક પ્રયોગશાળા સમાન છે, જ્યાં તેઓ પોતાના સાથીઓના સ્વભાવને સમજે છે. પોતાના મિત્રને મનાવવા, તેમના સ્વભાવનો ખ્યાલ રાખવો અને મિત્રતાના શિષ્ટાચાર વગેરે શીખે છે અને સમાગમતામાં વહેંચણી, ધીરજ અને સહકાર પણ શીખે છે.

જ્ઞાની પુરુષો કહેતા હતા કે બાળકોને રમવા દો, કારણ કે રમત તેમની બુદ્ધિ અને વ્યક્તિત્વને મજબૂત બનાવે છે. મિત્રતાની તકો આપવી અને પોતાના સાથીદારોનું ધ્યાન આકર્ષિત કરી લેવું એ બાળકોમાં તંદુરસ્ત આત્મગૌરવ સ્થાપિત કરે છે, પરંતુ મિત્રતાની કળા આપોઆપ નથી આવતી. શરૂઆતમાં બાળકોને પોતાની કાળજી લેતાં શીખવવી જરૂરી છે. બાળકો અવારનવાર સ્વાર્થી હોય છે અને વહેંચવાનું જાણતા નથી. તેથી એ જરૂરી છે કે તેમને સભાનપણે આ શીખવવામાં આવે. મિત્રતાના મહત્ત્વને સમજવાથી બાળકો જીવનની કદર કરે છે અને એક બહેતર નાગરિક બને છે.

**બાળકોમાં મિત્રતાના વિકાસના તબક્કા**

બાળકોમાં મિત્રતાનો વિકાસ વિવિધ તબક્કાઓમાંથી પસાર થાય છે. મનોવૈજ્ઞાનિક જીન પિયાજેના મતે, બાળપણના શરૂઆતના વર્ષોમાં (૨-૫ વર્ષ) મિત્રતા રમત પર આધારિત હોય છે. બાળકો એકબીજાને માત્ર રમતના સાથી સમજે છે, કોઈ ભાવનાત્મક જોડાણ વગર. આ તબક્કે તેમને વહેંચવા અને વારો લેવાનો પાઠ શીખવવો જોઈએ. આ વર્ષોમાં માતા-પિતાએ જોવું જોઈએ કે તેઓ પોતાના બાળકોને પડોશીના બાળક સાથે અથવા પરિવારના પિતરાઈ ભાઈ બહેનો સાથે, શાળાના બાળકો સાથે કે સામાજિક સંગઠનના બાળકો સાથે તાલમેલ બનાવવામાં મદદ કરે. કેટલાક બાળકો ખૂબ શરમાળ હોય છે, કેટલાક બાળકો સ્પષ્ટ વાતચીત કરી શકતા નથી, તેથી તેમને પોતાના સાથીદારો વચ્ચે અનુકૂલન સાધવામાં મુશ્કેલી પડી શકે છે. આ ઉંમર સામાજિક તાલમેલ બનાવવાની ઉંમર છે, જેમાં જો બાળક મુશ્કેલી અનુભવે તો માતા-પિતાએ મદદ કરવી જોઈએ. જો બાળક ભાવનાત્મક રીતે નબળું હોય અને ફરિયાદ કરતું હોય, તો ત્યાં માતા-પિતાએ પોતાના બાળકને સ્વ-વ્યવસ્થાપન શીખવવું જોઈએ.

શાળાની ઉંમરમાં (૬-૧૨ વર્ષ) મિત્રતા વધુ ઊંડી બની જાય છે. બાળકો સમાન રુચિઓના આધારે મિત્રો બનાવે છે, જેમ કે રમત, કાર્ટૂન કે અભ્યાસ. આ ઉંમરે બાળકો વચ્ચે મિત્રતાની પ્રક્રિયા એ વાત પર પણ નિર્ભર કરે છે કે કોણ સહાનુભૂતિ ધરાવે છે, કોણ તેમની ભાષા અને લાગણીઓને સમજે છે. વિશ્વાસનું મહત્ત્વ વધી જાય છે. બાળકો શીખે છે કે મિત્ર રહસ્ય રાખે છે અને મદદ કરે છે. પરંતુ આ તબક્કામાં ઝઘડા પણ સામાન્ય હોય છે, જે ઉકેલવાની કુશળતા તેઓ શીખે છે.

(અનુસંધાન પાંચમા પાને)

# ઈસ્લામી ક્વિઝ

## ક્વિઝ નંબર : ૨૬૧

પ્ર.૧ કુર્આનમજીદ મુજબ "કિસાસ"માં શું છે ?
(અ)યુદ્ધ ,(બ) ખૈર,(ક) જીવન,(ડ) જબરદસ્તી.

પ્ર.૨ હુઝૂર સ.અ.વ.ના એ પુનિત પત્નીનું નામ જણાવો જેમણે પોતાના મુશ્રિક પિતાને આપ સ.અ.વ.ના બિસ્તર ઉપર બેસવાથી રોકી દીધા હતા?

પ્ર.૩ એ સહાબી રદિ.નું નામ જણાવો કે જેઓ ગઝ્વએ ખૈબરમાં મરહબના મુકાબલા માટે નીકળ્યા, પરંતુ પોતાની જ તલવાર વાગવાથી શહીદ થઈ ગયા.

પ્ર.૪ હઝરત ઉસ્માન ગની રદિ.ની ખિલાફતનો પ્રથમ દિવસ કયો હતો?

---

### ક્વિઝ નં. ૨૬૧ના જવાબો

---

ઉ.૧ (ક) જીવન.
ઉ.૨ હઝરત ઉમ્મે હબીબા રદિ..
ઉ.૩ હઝરત આમિર રદિ. બિન અકૂઅ.
ઉ.૪ શનીવાર,૧ મુહર્રમ હિ.સ.૨૪.

એચ.એસ.હોટલવાલા : એસ.ટી.રોડ, અહમદઆબાદ.

સેલ... સેલ... સેલ... ૫૦% લેસ
રેમન્ડ, રેડ એન્ડ ટેલર, દિનેશ, દિગ્જામ
લીનન તથા કોટન પેન્ટ પીસ ૩ ફક્ત ૧૨૦૦/-ને વધુ
કોટન શર્ટ પીસ ૩ ફક્ત રૂા.૧૨૦૦/- ● શર્ટપીસ-૩ ફક્ત રૂા.૬૦૦/-
સેલ ફક્ત રમઝાન માટે ● પ્રખ્યાત મીલના પેન્ટપીસ-૩ ફક્ત રૂા.૭૫૦/-
પઠાણીનો ૬ મીટર કટ ફક્ત રૂા.૩૬૦/- ને વધુ
યુનિટ
પ્રખ્યાત મીલોની જોડી ફક્ત રૂા.૨૫૦/- અને વધુ
ક્લોથ સેન્ટર ૮૩, આનંદ શોપિંગ સેન્ટર ન્યુ હાઈસ્કૂલ સામે, રતનપોળ, અહમદઆબાદ. રવિવારે ચાલુ

# હઝરત અબ્દુલ્લાહ બિન સલામ

રદિયલ્લાહુ તઆલા અન્હુ

રોશનીના મીનાર

ડો. અબ્દુર્રહમાન રફત પાશા

(ગતાંકથી ચાલુ)

'જો તેઓ ઇસ્લામ સ્વીકારી લે તો તમારો શું વિચાર છે, તમે પણ તેનો સ્વીકાર કરશો?' આપે તેમને પૂછ્યું.

'ક્યારેય નહીં! ભલા તેઓ શા માટે ઇસ્લામ સ્વીકારવા લાગ્યા? અલ્લાહ તેમને આ વાતથી બચાવે કે તેઓ ઇસ્લામ સ્વીકારે.' તેમણે મોટી નિર્લજ્જતાથી જવાબ આપ્યો.

તેમની આ વાત સાંભળીને હું ઓરડાની બહાર નીકળ્યો અને તેમને કહ્યું:

'હે યહૂદીઓના સમૂહ! અલ્લાહથી ડરો અને એ સત્યને સ્વીકારી લો જે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) લાવ્યા છે. ખુદાના સોગંદ! તમે સારી રીતે જાણો છો કે આ અલ્લાહના રસૂલ છે. તમે તેમનું નામ અને તેમના ગુણો તૌરાતમાં લખેલા જુઓ છો, હું સાક્ષી આપું છું કે આ અલ્લાહના રસૂલ છે, હું તેમના પર ઈમાન લાવું છું, તેમની પુષ્ટિ કરું છું અને તેમને ખૂબ સારી રીતે ઓળખું છું.'

પરંતુ તેમણે કહ્યું: 'તેં જૂઠું કહ્યું. ખુદાના સોગંદ! તું અમારામાં સૌથી ખરાબ, સૌથી ખરાબ માણસનો દીકરો અને સૌથી અજ્ઞાની વ્યક્તિનો છોકરો છે.' તેમણે કોઈ એવો દોષ બાકી ન રાખ્યો જેનો આરોપ મારા પર ન લગાવ્યો હોય. ત્યારે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ને કહ્યું:

'મેં આપને વિનંતી નહોતી કરી કે આ યહૂદીઓ મોટા આક્ષેપબાજ, અસત્યના પૂજારી અને વિશ્વાસઘાતી તેમજ પાપી લોકો છે.'

હઝરત અબ્દુલ્લાહ બિન સલામ ઇસ્લામ તરફ એવી રીતે વળ્યા, જેમ કે કોઈ તરસ્યો ખૂબ જ આતુરતાથી પાણીના ઝરણા તરફ દોડે છે. તેમણે પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ની સોબતને પોતાના પર એવી રીતે અનિવાર્ય કરી લીધી કે ક્યારેય તેમનાથી અલગ થવાનું ગમતું નહોતું. તેઓ કુર્આનના એવા પ્રેમી બની ગયા કે તેમની જીભ દરેક સમયે તેની આયતોના પઠનથી ભીની રહેતી હતી. અને તેમણે પોતાની જાતને જન્નતમાં લઈ જનારા કાર્યો માટે એવી રીતે સમર્પિત કરી દીધી કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) એ તેમને જન્નતની ખુશખબરી આપી દીધી. એક એવી ખુશખબરી જે સહાબાએ કિરામ રદિ.માં પ્રખ્યાત થઈ ગઈ. આ ખુશખબરીની પાછળ એક કિસ્સો છે, જેને કૈસ બિન ઉબાદહ રદિ. વગેરેએ આ શબ્દોમાં વર્ણવ્યો છે:

"એકવાર હું મદીના મુનવ્વરામાં મસ્જિદે નબવીની અંદર એક શૈક્ષણિક સભામાં હાજર હતો. આ સભામાં એક વૃદ્ધ વડીલ પણ બેઠા હતા, જેમને જોવાથી આત્માને શાંતિ અને હૃદયને આશ્વાસન મળતું હતું. તેઓ લોકો સાથે અત્યંત મધુર અને પ્રભાવશાળી વાતો કરી રહ્યા હતા. જ્યારે સભા પૂરી થઈ અને તેઓ પોતાની જગ્યાએથી ઊભા થયા, ત્યારે સભાના લોકોએ કહ્યું:

'જે વ્યક્તિ કોઈ જન્નતીને જોવા માંગતી હોય, તે આમને જોઈ લે.'

મેં પૂછ્યું કે આ વડીલ કોણ છે, તો તે લોકોએ જણાવ્યું કે આ અબ્દુલ્લાહ બિન સલામ છે. મેં મારા મનમાં કહ્યું કે હું તેમની પાછળ પાછળ જઈશ. તે મુજબ હું તેમની પાછળ ચાલવા લાગ્યો. તેઓ ચાલતા રહ્યા ત્યાં સુધી કે શહેરના છેડા પર પહોંચીને પોતાના ઘરમાં દાખલ થયા. મેં તેમની પાસે અંદર આવવાની પરવાનગી માંગી, જે મને મળી ગઈ. તેમણે મને પૂછ્યું:

'ભત્રીજા! તારી શું જરૂરિયાત છે?'

જ્યારે આપ મસ્જિદમાંથી નીકળ્યા તો મેં લોકોને આપના વિશે એમ કહેતા સાંભળ્યા કે "જે વ્યક્તિ કોઈ જન્નતીને જોવા માંગતી હોય તે આમને જોઈ લે," તેથી હું આપની સાથે આવ્યો છું જેથી આપની સ્થિતિથી વાકેફ થઈ શકું અને એ જાણી શકું કે લોકોને કેવી રીતે ખબર પડી કે આપ જન્નતી છો.' મેં મારો હેતુ જણાવ્યો.

'બેટા! એ તો અલ્લાહ તઆલા જ જાણે છે કે જન્નતી કોણ છે.' તેમણે ફરમાવ્યું.

'હા, એ વાત તો સાચી છે, પણ લોકોએ જે કંઈ કહ્યું, તેનું કોઈ કારણ તો જરૂર હશે.' મેં વિનંતી કરી.

'હું તને તેનું કારણ જણાવું છું.' તેમણે ફરમાવ્યું.

'ફરમાવો, અલ્લાહ આપને ઉત્તમ બદલો આપે.' મેં મારી ઉત્સુકતા વ્યક્ત કરતા કહ્યું.

તેમણે વાત શરૂ કરી કે 'આ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ના મુબારક સમયની વાત છે. હું એક રાત્રે સૂતો હતો. મેં જોયું કે એક માણસે આવીને મને કહ્યું કે ઊઠો. તે મુજબ હું ઊભો થઈ ગયો. તેણે મારો હાથ પકડ્યો અને મને પોતાની સાથે લઈને ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં અમે એક એવી જગ્યાએ પહોંચ્યા જ્યાં ડાબી બાજુએ એક રસ્તો જઈ રહ્યો હતો. જ્યારે મેં એ રસ્તા તરફ વળવા ઇચ્છ્યું, તો તેણે મને કહ્યું કે તેને છોડો, આ તમારા માટે નથી. પછી મેં આગળ જોયું તો જમણી બાજુએ એક અત્યંત સ્પષ્ટ અને સાફ રસ્તો દેખાયો. તેણે મને કહ્યું આ રસ્તે આગળ ચાલો. હું તે રસ્તે ચાલવા લાગ્યો અને આગળ વધતો રહ્યો, ત્યાં સુધી કે એક બગીચામાં પહોંચ્યો. તે બગીચો અત્યંત વિશાળ, હર્યોભર્યો અને આકર્ષક તથા સુંદર હતો. તેમાં ચારે બાજુ મધુર અવાજવાળા પક્ષીઓ ગીતો ગાઈ રહ્યા હતા. આ બગીચાની બરોબર વચ્ચે લોખંડનો એક સ્તંભ ઊભો હતો, જેનું મૂળ જમીનમાં ઊંડું હતું અને તેનો છેડો આકાશ સાથે વાતો કરી રહ્યો હતો. તેની ઉપર સોનાનું એક કડું (હલકો) હતું. તે માણસે મને કહ્યું કે આના પર ચઢી જાઓ.

મેં કહ્યું કે હું નહી ચડી શકું. ત્યારે મારી પાસે એક સેવક આવ્યો. તેણે મને ઉપર ઉઠાવ્યો અને હું તેની મદદથી તેના પર ચડતો ચડતો છેલ્લા છેડા સુધી પહોંચી ગયો અને કડાને મારા બંને હાથોથી પકડી લીધું અને સવાર સુધી તેને પકડી રાખ્યું.

સવારે જ્યારે મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) ની સેવામાં મારું આ સ્વપ્ન રજૂ કર્યું, ત્યારે આપે ફરમાવ્યું:

"જે રસ્તો તમે ડાબી બાજુ જોયો હતો, તે અસ્હાબુશ-શુમાલ (જહન્નમીઓ) નો રસ્તો હતો. અને જે રસ્તો તમને જમણી બાજુ દેખાયો હતો તે અસ્હાબુલ-યમીન (જન્નતવાસીઓ) નો રસ્તો હતો. અને તે બગીચો જેની હરિયાળી અને રોનક તમને આકર્ષક લાગી, તે ઇસ્લામ હતો. અને તેની વચ્ચે જે સ્તંભ હતો તે દીનનો સ્તંભ હતો. અને તેની ઉપર જે કડું હતું તે 'ઉરવતુલ-વુસકા' (મજબૂત કડું/આધાર) હતું. અને તમે આ કડાને જીવનના અંતિમ શ્વાસ સુધી મજબૂતીથી પકડી રાખશો."

•••

## કુર્આન


(ત્રીજા પાનાનું ચાલુ)

તો હકીકત આ છે કે તમે તેમને કતલ નથી કર્યા, બલ્કે અલ્લાહે તેમને કતલ કર્યા છે, અને હે નબી ! તેં (તમે) નથી ફેંક્યું (અને ઈમાનવાળાઓના હાથ જે આ કાર્યમાં પ્રયુક્ત થયા) તે આટલા માટે હતું કે અલ્લાહ ઈમાનવાળાઓને એક ઉત્તમ પરીક્ષામાંથી સફળતાપૂર્વક પસાર કરી દે." (સૂરઃ અન્ફાલ, આયત-૧૭)

અલ્લાહતઆલાએ યહૂદીઓના મશ્હૂર કબીલા બનૂ નુઝૈરના મદીનાથી દેશ-નિકાલનો ઉલ્લેખ કરતાં ફરમાવ્યું : તે જ છે જેણે ગ્રંથવાળા કાફિરો (ઇન્કાર કરનારાઓ)ને પ્રથમ જ હુમલામાં તેમના ઘરમાંથી કાઢી મૂક્યા. તમને ક્યારેય એ કલ્પના ન હતી કે તેઓ નીકળી જશે, અને તેઓ પણ સમજી બેઠા હતા કે તેમના કિલ્લાઓ તેમને અલ્લાહથી બચાવી લેશે. પરંતુ અલ્લાહ તેમના ઉપર એવી દિશામાંથી આવ્યો જે તરફ તેમની કલ્પના સુદ્ધાં ગઈ ન હતી. તેણે તેમના હૃદયમાં ધાક બેસાડી દીધી. પરિણામ એ આવ્યું કે તેઓ પોતે જ પોતાના હાથે પણ પોતાના ઘરોને બરબાદ કરી રહ્યા હતા. તો પછી શિક્ષણ ગ્રહણ કરો, હે જોવાવાળી આંખો રાખવાવાળાઓ ! (સૂરઃ અલ હશ્ર, આયત-૨)

આ વાસ્તવમાં અલ્લાહની કુદરતની કાર-ફરમાઈ હતી જેના પર અમલ કરવું બાહ્ય કારણો તથા સંસાધનોમાં પણ હોય છે અને સંસાધનો તથા પરિબળોથી પર પણ હોય છે, અને અલ્લાહની કુદરત હંમેશાં પોતાના મો'મિન (ઈમાનવાળા) બંદાઓ પર છવાયેલ રહે છે, જેથી તેમને કુફ્રની શક્તિઓ પર પ્રભુત્વ તથા થાક નસીબ થાય અને આમના દ્વારા કલ્મએ હક્ક બુલંદ થાય. •••

Reg.No. A-7183
Google Reviews 4.8
Top Rated Dental Clinic
Dr. Saba Baloch
B.D.S.
(Dental Surgeon)
Dr. Saba Dental Clinic
Dental Implant And Asthetic Clinic
:: Our Specialties ::
Dental Implants Surgery | Cosmetic Dentistry | Tooth Reshaping & Contouring | Cosmetic Gum Surgery | Veneers | Single sitting root canal | Tooth Whitening Treatment | Dental Crown and Bridge | Prosthesis
Tooth Cleaning | Tooth Jewellery | Inlays and Onlays | Extractions | Tooth Coloured Restoration
:: Facilities ::
Equipped with latest equipment | Digital X Ray | Endosonic Apex Locator | Wave one rotary system | Imported Dental Chair
Timings : Morning 10:30am-2pm | Evening 4pm-8pm
Available on Emergency Trauma Cases +91 99983 60503
Al-Arsh I, Nr. Bank of India, Gulzar Park, Sarkhej Road, Ahmedabad - 55
Email: drsabadentalclinic@gmail.com | Website: www.sabadentalclinic.com




Gulamnabi (R) 242588
Alimohd. (R) 244815
Phone : (02774) Mill : 242986
MODASA RICE MILL
RICE, WHEAT MERCHANT AND COMMISSION AGENT
20-23, G.I.D.C., MODASA- 383315, DIST. SABARKANTHA (GUJARAT)

Kasambhai Mo. 9879618344
Imtiyazbhai Mo. 9879518544
KAMA™ AUTO CONSULT
Used Car Sales And Purchase
kamaautoconsult.in
Mahesana Chokdi, Gandhinagar Link Road, Opp. Shahin Park Society, Visnagar-384315



મોહંમદ ઝાહિદ અન્સારી : ૯૮૨૫૦૨૮૪૧૮
મોહંમદ શાહિદ અન્સારી : ૯૯૦૯૦૨૮૪૧૮
ટ્વીસ્ટ એન્જીનીયરીંગ વર્કસ
પ્લાસ્ટીક એક્ષ્ટ્રુશન પ્લાન્ટ
મેન્યુફેક્ચરર એન્ડ એક્સપોર્ટર
૪૪૧૦, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., ઇન્ડોજર્મન ટુલ રૂમ પાછળ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વટવા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૫૮૪૨૮૭૮
E-mail : twistew@gmail.com

શાહીન સાપ્તાહિક
www.shaheenweekly.com
shaheenweekly.info@gmail.com
@ShaheenViewsWeekly
લેખકના વિચારોથી ટ્રસ્ટ અથવા સંપાદક મંડળનું સહેમત હોવું જરૂરી નથી.
વાર્ષિક લવાજમ : રૂા.૩૦૦ - ત્રિ વાર્ષિક રૂા.૭૫૦
ઓફિસ સમય: ૧૧ થી ૬ • મો: ૬૩૫૬૧૬૨૭૬૮

૧૦૦% શુધ્ધ કલૌંજીનું તેલ

કોન્ટેક્ટ નંબર
અહમદઆબાદ: ૦૭૯-૨૬૬૫૦૭૪૧
સૂરત : ૯૭૨૬૧૫૫૫૪૪
બેંગ્લોર : ૯૫૯૧૩૭૩૮૯૪

# માનવતાનો મહેકતો 'ચમન' : હિંદુ પરિવારે મુસ્લિમ વડીલના જનાજાને ખભો આપ્યો

ઉત્તર પ્રદેશના એટા જિલ્લાના મારહરા નગરમાં ૭૫ વર્ષીય ચમન મીયાં રહેતા હતા. તેમનું સમગ્ર જીવન શારદા સક્સેનાના પરિવારની છત્રછાયામાં વીત્યું. ચમન મિયાં જ્યારે માત્ર દસ વર્ષના હતા, ત્યારથી જ શારદા સક્સેનાએ તેમને પોતાની પાસે રાખી તેમનો ઉછેર કર્યો હતો; આ રીતે તેઓ સક્સેના પરિવારનું એક અવિભાજ્ય અંગ બની ગયા હતા. શારદા સક્સેનાના અવસાન બાદ તેમના પુત્ર ડૉ. વિમલચંદ્ર સક્સેનાએ પણ ચમન મિયાંને એ જ આદર અને સ્થાન આપ્યું જે તેમના પિતાના સમયમાં હતું.



વર્ષ ૨૦૧૮માં ડૉ. વિમલ સક્સેનાનું અવસાન થયું, ત્યારબાદ શારદા સક્સેનાના પૌત્ર ડૉ. સુબોધ સક્સેનાએ આ પરંપરા જાળવી રાખી. સુબોધે પણ ચમન મિયાંને પરિવારના વડીલ તરીકે પૂરતું સન્માન આપ્યું. ગત બુધવારે સક્સેના પરિવારના આ વયોવૃદ્ધ સભ્યએ તે જ ઘરમાં અંતિમ શ્વાસ લીધા અને દુનિયાને અલવિદા કહી. જો કે, હવે વિદાય લેનાર સ્વજનને 'તેમના' ધર્મ અનુસાર દફનાવવાના (સુપુર્દે ખાક કરવાના) હતા. સક્સેના પરિવારે પૂરી નિષ્ઠાથી તમામ અંતિમ વિધિઓ પૂર્ણ કરી અને ભીની આંખે ચમન મિયાંને તેમની અંતિમ સફર પર વિદાય આપી.

ઝુહરની નમાઝ બાદ ચમન મિયાંના જનાઝાની નમાઝ પઢવામાં આવી. જેમાં સક્સેના પરિવારના ડૉ. સુબોધ, અમિત અને સુમિત સક્સેનાની સાથે મુસ્લિમ બિરાદરો પણ મોટી સંખ્યામાં જોડાયા. નમાઝ પછી સક્સેના પરિવારના સભ્યોએ જ ચમન મિયાંના જનાજાને પોતાના ખભા પર ઉઠાવીને કબ્રસ્તાન પહોંચાડ્યો. જ્યારે ચમન મિયાંને સુપુર્દે ખાક કરવામાં આવ્યા, ત્યારે ડૉ. સુબોધ સક્સેનાએ તેમના મોટા પુત્ર તરીકેની ફરજ નિભાવતા કબરમાં સૌ પ્રથમ માટી આપી, ત્યારબાદ અન્ય લોકોએ માટી નાખી. તેમની આ અંતિમયાત્રામાં સેંકડો હિંદુ-મુસ્લિમ બિરાદરોએ સાથે મળીને માનવતાના દર્શન કરાવ્યા.

ચમન મિયાં જે પરિવારમાં ૬૬ વર્ષ રહ્યા, તે સક્સેના પરિવારે પોતાની નૈતિક ફરજ પૂરી નિષ્ઠાથી અદા કરી. આ માત્ર એક પરિવારની જવાબદારી નહોતી, પરંતુ માનવતાની સાચી ઓળખ હતી. આપણો અસલી સમાજ આવો જ છે. રાજકારણ ભલે ભય અને વિભાજનની રેખાઓ ખેંચવા માંગતું હોય, પરંતુ સક્સેના પરિવાર જેવા ઉમદા લોકોએ જ આ દેશને આજે પણ 'ચમન' (બગીચો) બનાવી રાખ્યો છે.

# યુનિફોર્મ સિવિલ કોડની અસરો અંગે જાગૃતિ લાવવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન

અહમદાબાદ: જમાઅતે ઈસ્લામી હિંદ, અહમદાબાદ પશ્ચિમ દ્વારા ગત તારીખ ૧૧ એપ્રિલના રોજ, થરાદી મેમણ કોમ્યુનિટી સેન્ટર ખાતે યુનિફોર્મ સિવિલ કોડ (UCC)ની અસરો અંગે જાગૃતિ ફેલાવવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચર્ચા કરવામાં આવી હતી કે સરકાર દ્વારા જે કાયદો લાવવાની હિલચાલ થઈ રહી છે તે નામ પૂરતો 'યુનિફોર્મ' છે, પરંતુ તેમાં વાસ્તવિક સમાનતાનો અભાવ દેખાઈ રહ્યો છે.



ખાસ કરીને ગુજરાતની ૧૫ ટકા જેટલી વસ્તી ધરાવતા આદિવાસી સમાજને આ કાયદામાંથી બાકાત રાખવામાં આવ્યો છે, જ્યારે બીજી તરફ ૧૦ થી ૧૨ ટકા વસ્તી ધરાવતા મુસ્લિમ સમાજ પર આ કાયદો લાગુ કરવાના પ્રયાસો થઈ રહ્યા હોય તેવું પ્રતીત થાય છે.

(અનુસંધાન બીજા પાને)

odoo
What Odoo can do for your Business?
POWER YOUR BUSINESS WITH AI
Streamline your business operations with Odoo ERP
Proven results for following industries
Manufacturing · Solar Installation · Trading & Distribution · Retail · Pharmaceuticals · Construction · Automotive · Hotels
Billing & Accounting · Inventory Management · CRM · Project Management · Procurement · Manufacturing · HR Management · AI Powered Reporting
BOOK FREE DEMO
Faisal Maniar: +91 63542 36817
areterix

Irfan Memon
Riyaz Memon
We give the purity GOLD, SILVER & DIAMOND
98246 41965
Latest Gold, Silver, Real Diamond Jewellery Showroom in the Heart of Juhapura
ALIF GOLD PALACE

9/10, Ground Floor, Classic Heights. Bs.Alif Silver & Diamond, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055
ALIF SILVER & DIAMOND
LADIES REAL DIAMOND RING & ORNAMENTS
₹ 6000/- Starting
6/7, Ground Floor, Classic Heights. Bs.Alif Gold Palace, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055

ડો.યાસીન સૈયદ M.B.B.S. 93279 24050
ડો.તૌફીક સૈયદ B.H.M.S. 98251 53388
99097 12900
આધુનિક ખત્ના કેન્દ્ર® (સુન્નત)

દુ:ખાવા અને બ્લીડીંગ વગર
(૧) જુહાપુરા, અહમદાબાદ
સમય: સોમ, મંગળ, ગુરૂ, શનિ
સવારે : ૧૦:૦૦ થી ૧૨:૩૦ સુધી
(૨) શાહપુર, અહમદાબાદ
સમય: સોમ, મંગળ, ગુરૂ, શનિ
સાંજે : ૭:૦૦ થી ૯:૩૦ સુધી
(૩) ગોમતીપુર, અહમદાબાદ
સમય : સોમ થી શનિ
સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
સાંજે : ૬:૦૦ થી ૮:૦૦ સુધી
રવિવારે ફક્ત સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી

ILYAS PISUWALA 9825020386, 9925020386
MUNIB PISUWALA 7016686663, 8866682232
HMG
HAMDUBHAI MOMINBHAI GRANDSONS
Hirers of Fancy Crockery & all Event Articles
ફેન્સી ક્રોકરી & ઇવેન્ટ આર્ટિકલ્સ ભાડે આપનાર
ADDRESS
H/O:. 39, Shital Estate, Nr. Sarkhej Railway crossing, Ahmedabad -382210.
B/O:. 86, Vrundavan Industrial Estate, Opp. Pir Abdul Nabi Dargah, Anjana Farm, Surat-395003.
B/O: 1240 Coldspring Rd, Elgin, Illinois, Chicago USA - 60120
Iqbal Bhavnagari +1 (773) 996-8600, Mufid Bhavnagari +1 (312) 730-4144
info@ilyashamdubhai.com

મો: ૯૮૨૫૦૩૪૭૮૬ | ૮૨૩૮૦૫૧૨૧૪
એલ.પી. ચટાઈવાલા

મસ્જિદની સફ માટે સલી ચટાઈ, નાયલોન ચટાઈ, કોટન મુસલ્લા, બેલ્જીયમ ગાલીચા સફ માટે, દરેક જાતના સોફાનું મટીરીયલ્સ મળશે.
૩૦૯૨, ત્રણ દરવાજા, અહમદઆબાદ - ૩૮૦ ૦૦૧

Printed and Published : ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN on behalf of ISLAMI SAHITYA PRAKASHAN and printed at Unique Offset Nobatsinh Ruparam Estate, Near Punjab National Bank, Tavdipura, Dudheshwar, Ahmeabad-380 004 and published from B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society Corner, Jhuhapura, Ahmedabad -380 055 • Editor -ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN.